

**ગુરુની આજ્ઞા કેવી અને કેટલી કડક છે તે મહત્ત્વનું નથી,**
**પણ એ આજ્ઞા તરફનો તમારો પ્રેમ કેવો અને કેટલો છે તે મહત્ત્વનું છે.**
**જો પ્રેમ સાચો હશે તો આજ્ઞાનું પાલન કરવા માટેનું પરિબળ એ જ આપશે.**

જો પ્રેમ વજ્ર જેવો મજબૂત હશે તો આજ્ઞા મીણ જેવી કોમળ લાગશે અને
જો પ્રેમ પાણી જેવો હશે તો આજ્ઞા ગજવેલ જેવી કડક લાગશે.

-રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

: With Best Complements :
Gurubhakt



# હે સાધના

હે સાધના...!
મને મારા આત્મા સાથે પ્રેમ થઇ ગયો છે,
મને મારા આત્માને પરમાત્મા બનાવવાના ભાવ થયાં છે.
મારા આત્માને પરમાત્મા બનાવવા માટે મને સદ્‌ગુરુનો યોગ થયો છે...
એમના દર્શન માત્રથી મારો આત્મા સ્પંદિત થવા લાગ્યો છે...
મારૂં હૃદય ભાવ અને ભક્તિથી સંવેદનશીલ બની ગયું છે, ત્યારે...
હે સાધના...!
મને તારા ક્ષેત્રમાં પ્રવેશ કરવા દે... મારા પર એક ઉપકાર કરી દે...!
આ સંવેદન જ મને સાધના કરવા ઉત્સાહિત કરે છે.
મારે ઉચ્ચત્તમ સાધકદશાનો અનુભવ કરવો છે.
મારા જીવનમાં એક અદ્‌ભૂત ક્ષણ આવી છે.
આજે હું કંઇક જુદો જ લાગું છું... કંઇક જુદો જ અનુભવ કરું છું...
આજે મારા હૃદય સ્પંદન અલગ પ્રકારના છે.
મારે મારા આત્માની શુધ્ધિ કરવી છે.
મારે ‘સ્વ’ માં જવાનો પ્રયોગ કરવો છે.
હે સાધના...!!
મારા પરમ સદ્‌ભાગ્યે મને જેમણે આત્માનુભૂતિ કરી છે એવા પરમ
પુરુષની પ્રેરણા પ્રાપ્ત થઇ છે, ત્યારે મારે પણ આત્માનો અનુભવ કરવો છે..
હે સાધના...! તું મને સહાય કરીશ ને!!!
તને ખબર છે...!!
લાખોમાં એકને મળતી લાખેણી પળ મને મળી છે...
સદગુરુના સાંનિધ્યમાં મારૂં હૃદય સ્પંદિત થયું છે અને મારૂં મન આત્માને
પરમાત્મા બનાવવાની આરાધના કરવા તત્પર બન્યું છે.

**સ્પંદન એ સાધના કરવાની પ્રેરણા છે અને**
**સાધના એ સિધ્ધિના સર્જન માટેનું પ્રથમ પગથિયું છે.**



# પ્રાણપુષ્પ
PRANPUSHPA
## +જૈન ક્રાંતિ




**વર્ષ:** 13 **સળંગ અંક:** 149 ◆**કુલ પાના:** 40+4 ◆**છૂટક કિંમત:** ₹ 25 ◆**તા.** 05-02-2013 મંગળવાર.

**આજીવન લવાજમ:** ₹ 2500 ◆ **બે વર્ષ:** ₹ 500 ◆ **પરદેશનાં વાર્ષિક:** ₹ 2500 ◆ **આજીવન:** ₹ 20000

**પૂર્વ તંત્રી:** શ્રી અશોકભાઈ પટેલ - શ્રી રસિકભાઈ પારેખ ◆ **માનદ્‌તંત્રી:** શ્રી જયભાઈ દેસાઈ - શ્રી દિપકભાઈ ભાયાણી
**સંપાદક:** શ્રી પ્રતિમાબેન બદાણી - શ્રી સંગીતાબેન શાહ


## આ અંકમાં


**હે સાધના..!**
- અંતરભાવના. 3

**અનન્ય અવધૂત એક વિરાટ વ્યકિતત્વ..**
- તપસમ્રાટ પૂ. ગુરુદેવ. 6

**અનુભૂતિ...**
- તપસમ્રાટની સિદ્ધિ અને સાધનાની... 38

*A Param Aatma's Presence*
- *Estrangement to Affinity* 40

**પૂજ્યવરની પ્રેમ જ્યોતીથી પ્રકાશિત થયું કોલક્તા**

**પ્રેમભર્યું સ્વાગત...**
- પાવન પ્રવેશ. 16

**પરમાત્મા આદિનાથની પરંપરા...**
- સવાસો વર્ષીતપ આરાધકોના પારણા. 18

**પરમ સાથે અનુસંધાન...**
- પારસધામ ઉદ્‌ઘાટન સમારોહ. 20

**પાર્શ્વ પરમાત્માનું સિદ્ધ સ્થાન...**
- સિદ્ધ પીઠિકાની સ્થાપના. 26

**પ્રદર્શન...એક અદ્‌ભૂત દર્શન.**
- માનવતાના મૂલ્યોનું. 28
- *My first God Mother Father* 30

**પ્રતિતી એકતાની...**
- મૌન અહિંસક રેલી. 31

**પરમના પ્રકાશમાં લઇ જતી...**
- ડીવાઇન નાઇટ. 32


**: પ્રાણપુષ્પ પ્રકાશન સહયોગી સૌજન્ય દાતા :**

શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન), શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા), મહાવીર ટેકસટાઈલ (કોલકતા), વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા), મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા), યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા), સ્વપનીલ શાહ (ઘાટકોપર), ગુરુભકત પ્રણયભાઇ મહેતા (ઘાટકોપર), પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા), કલ્પના ગીરીશ દેસાઇ (પાર્લા), લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી), ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ), હીના સેલ્સ કોર્પોરેશન (વડોદરા), પ્રીતિ કાર્ડસ્ (વડોદરા), ન્યુ વિઝન લેઝર સેન્ટર (વડોદરા), શ્રી જયંતિભાઈ સંઘવી (સુરત), હેત-ત્વીશા સંજય સંઘવી (ઘાટકોપર).

CHQ / DD should be in the favour of SHREE UVASSAGAHAR SEVA MANDAL

**પૂ. ગુરુદેવના વિહાર સમાચાર જાણવા સંપર્ક: 09860905678**


**પારસધામ:** વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭. ફોન : ૦૨૨-૩૨૦૪૩૨૩૨
Website : www.parasdham.org • E-mail : pranpushpa@yahoo.com • parasdham108@gmail.com • gparasdham@yahoo.com



Printed & Published by JAY NAVINCHANDRA DESAI on behalf of UVASSAGHARAM SEWA MANDAL,
Printed at ACCURATE GRAPHICS PVT. LTD. 15-A Samrat Mill Compound, Near Asha Usha Bus Stop, L. B. S Marg, Vikhroli (W), Mumbai - 400 079.
Published from Parasdham, Vallabaug Lane, Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077. Editor : JAY NAVINCHANDRA DESAI.

# દીક્ષા જયંતિ અવસરે ગુણગ્રામની ભેટ સાથે ભાવ શુભેચ્છા વંદન



યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. રાષ્ટ્ર સંત તો છે જ પણ એમના પ્રત્યેનો પ્રેમ અને આત્મિયતા અમને ''રાજકોટ સંત'' કહેવા પ્રેરે છે.

પૂ. ગુરુદેવનો પ્રોગ્રેસ ચાર્ટ જોતાં લાગે છે કે છેલ્લાં કેટલાંય વર્ષોથી એમણે પાછું વળીને જોયું જ નથી. ઝીણવટ ભર્યા અવલોકન અને સૂક્ષ્મ વિવેક સાથે ગતિને પ્રગતિમાં અને તક ને તકદીરમાં બદલવાની માસ્ટર કી પણ એમની પાસે જ છે, આત્માના ઊંડાણ અને સિધ્ધિના અંબર સુધી પહોંચ્યા છે છતાં અહમ્ શૂન્ય અને શ્રેય ગુરુ-પરમાત્માને...!!

'સેવા' જેવો શબ્દ આવે એટલે તરત જ લોકોના મન અને મગજમાં એક જ નામ આવી જાય... નમ્રમુનિ મ.સા. !! વર્ષોથી વિવિધતા પૂર્વકના અનેક મિશન્સ અને વિવિધતાથી ભરપૂર અનેક કાર્યો ક્ર્યાં, એટલું જ નહીં, સાથે સાથે ગુણવત્તા અને ગરિમાને પણ જાળવી રાખી છે.

દેશ-વિદેશમાં ચાલતાં એમના દરેક મિશન્સના એક એક નિર્ણય પર એમની નજર હોય જ... કોઈ ક્ષેત્રના કોઈ પણ ખૂણે બનેલા બનાવ પર ચિંતન, ચર્ચા અને પરામર્શ કરે અને છેવટે એના પર સચોટ માર્ગદર્શન પણ આપે. સૌથી ઈમ્પોર્ટન્ટ વાત એ છે કે પૂ. ગુરુદેવ લોકોના મનને પણ વાંચી લે છે અને મનનું સમાધાન પણ આપે છે. એમની લોક પ્રિયતાનો આંક દિન પ્રતિ દિન ઉપર જ ચઢતો જાય છે.

પૂ. ગુરુદેવ હંમેશાં કહે છે, સંઘર્ષ પત્થર સમાન હોય એ માણસને તોડી પણ શકે છે અને ઘડી પણ શકે છે. સંઘર્ષથી જ માનવીના વ્યક્તિત્વની ધાર તેજ થતી હોય છે.

જે કાર્ય અનેક યુનિવર્સીટીઓ ભેગી થાય તો પણ ન કરી શકે તે કાર્ય પૂ. ગુરુદેવ એમની જ્ઞાન વાણીથી અને કલાકના પ્રભાવક પ્રવચનથી કરી શકે છે. જેમણે વેદનાનો અનુભવ ક્ર્યો હોય એ જ વેદનાને વાચા આપી શકે.

પૂ. ગુરુદેવને નારી શક્તિ પ્રત્યે અત્યંત આદર છે એટલાં માટે જ લુક એન લર્નના માધ્યમ દ્વારા અમારા જેવા દીદીઓનો એક વિશાળ અને સન્માનીય સમૂહ તૈયાર થયો.

યુવા વર્ગને અર્હમ યુવા ગ્રુપના માધ્યમથી યોગ્ય રાહ બતાવી સુયોગ્ય ઘડતર ક્ર્યું, જેના કારણે આજે સમસ્ત ભારતમાં વિશાળ સંખ્યામાં માનવસેવા અને જીવદયાના સત્કાર્યો થઈ રહ્યાં છે. કુદરતી આપત્તિઓ, પૂર, હોનારત, ધરતીકંપ, આગ, વાવાઝોડા, બોમ્બ બ્લાસ્ટ, બિલ્ડીંગ કોલાપ્સ વખતે અર્હમના યંગસ્ટર્સ ક્ષણનો વિલંબ ક્ર્યા વિના, જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના, જન માત્રના હિત માટે ગામેગામ પહોંચી લોકોને સહાય કરે છે, શાતા પહોંચાડે છે, પ્રેમ અને હૂંફ પણ આપે છે. આ પૂ. ગુરુદેવના ઘડતરનો જ પ્રભાવ છે. પૂ. ગુરુદેવ કહે છે, ''જ્યાં સુધી આપણમાં માનવતા ન આવે ત્યાં સુધી માનવી તરીકે આપણી કોઈ કિંમત નથી.''

એવું કહેવાય છે કે, વર્તમાન જૈન સમુદાયમાં યુવાનો માટે જો કોઈ યોગ્ય રાહબર અને પ્રેરણામૂર્તિ હોય તો તે યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. છે.

પૂ. ગુરુદેવ આધ્યાત્મિક જ્ઞાનના ઉપાસક અને આત્મ ચિંતક પણ છે. એમની દીર્ઘદ્રષ્ટિ અને ક્રાંતિકારી વિચારોએ પ્રજા ઘડતરનું પણ ઉમદા કાર્ય ક્ર્યું છે. **પૂ. ગુરુદેવ ક્યારેય પણ કોઈના અવગુણોને જોતાં નથી**, દરેકમાંથી કંઈક ને કંઈક ગુણ પ્રાપ્ત કરી ગુણોના મહાસાગર બન્યાં છે. સહયોગ સહુને આપે પણ શબ્દ એક જ વાપરે, 'હું તો માત્ર નિમિત્ત છું.'

પૂ. ગુરુદેવ કહે છે, જીવનમાં તમે જ સાચા છો અને બીજા ખોટાં છે એવો આગ્રહ ક્યારેય ન રાખવો.

અમોને અને તમોને સહુને ખુશી અને આનંદ છે કે પૂ. ગુરુદેવ બહુ જ ટૂંકાગાળામાં સૌથી વધુ જાણીતા અને માનીતા બન્યાં છે. આગમ દર્શન અને આગમ મહોત્સવ દ્વારા જૈન દર્શનને વધુ સમૃધ્ધ બનાવ્યું છે.

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવને એક જ વખત વ્યક્તિગત મળનારને એક વાત તરત જ સમજાઈ જતી હોય છે કે આ વ્યક્તિમાં કશુંક જબરૂં તત્ત્વ છે, કશીક ચૂંબકીય તાકાત છે જે એમની સાધનાની શક્તિ છે. જે એમની આંતરિક શક્તિ છે, જે ગુરુકૃપાથી ઝરે છે.

બસ ! ગુરુદેવ વિશે કહીએ, લખીએ એટલું ઓછું છે. લાખોના લાડીલાં અને અમારા રાહબર પૂજ્ય ગુરુદેવને એમની દીક્ષા જ્યંતિ અવસરે કોટિ કોટિ વંદન... સહ અભિવંદન.!

**લુક એન લર્ન દીદી.**
**મુરલીધર - રાજકોટ**



# અનન્ય અવધૂત

તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.નું જીવન કવન
– યુગ દિવાકર પૂ. નમ્રમુનિ મ.સા.

જેમને એક વખત ગુરુ કે પરમાત્મા સાથે પ્રેમ થઈ જાય છે, એમની સાથે ડીવાઈન કનેક્શન થઈ જાય છે, તેમને પછી બીજુ કાંઈ દેખાય નહીં, બીજું કોઈ યાદ આવે નહીં. એક ભક્ત હૃદય જ જાણે કે ડીવાઈન પ્રેમની અનુભૂતિ કેવી હોય, દિવ્ય વ્યક્તિત્વના સાંનિધ્યમાં કેવું પરમ સુખ હોય અને એમના વિરહની પળો કેવી વેદનામય હોય.!!

ગુરુમય બની ગયેલાં રતિલાલ આખો દિવસ ગુરુની યાદમાં જ ખોવાયેલા રહે છે. મા ભાવતું અને મનગમતું ભોજન બનાવી આપે છે, રતિલાલ કહે છે, મા ! મને ખાવાનું મન નથી. પિતા સરસ મઝાના કપડાં લઈ આવે છે, રતિલાલ કહે છે પિતાજી, મને દુનિયાના રંગ બેરંગ લાગે છે, લાવવા જ હોય તો મને શ્વેત વસ્ત્રો લાવી આપો. મોટા ભાઈ સાયકલની ગીફ્ટ આપે છે, રતિલાલ કહે છે ભાઈ ! મારે આ સાયકલ નથી ફેરવવી. મારે તો ગુરુ શરણમાં રહીને જ્ઞાન અને ધ્યાનની સાયકલ ફેરવવી છે.. મારે મારા આત્મગુણો તરફ ગતિ કરવી છે..!

એક આત્મા જ્યારે પરમ આત્મા સાથે જોડાય જાય છે ત્યારે તેનું ખાવું, પીવું, બોલવું, ચાલવું, તેનાં વિચારો, ભાવો, બધું જ બદલાય જાય છે, કેમ ?

ભગવાન કહે છે, કોઈ વ્યક્તિ સ્નાન કરી શુધ્ધ થઈ, ધોયેલા વસ્ત્રો પહેરી મંદિરમાં પૂજા કરવા જઈ રહી હોય ત્યારે મંદિરથી થોડે દૂર કચરાપેટીમાં બેઠેલી વ્યક્તિ તેને બોલાવે અને કહે, આવ ! આપણે અહીં થોડીવાર મસ્તીથી બેસીએ, તો પહેલી વ્યક્તિ શું કહેશે ? ના...ના...! હજુ તો હમણાં જ સ્નાન કરીને શુધ્ધ થયો છું મારે તારી સાથે કચરાપેટીમાં બેસવા નથી આવવું.

એવી જ રીતે જેમણે પોતાના આત્માની શુધ્ધ દશાનો અનુભવ કર્યો હોય તેને સંસારના દરેક સુખ અને સગવડતાઓ કચરાપેટી જેવા લાગે છે.

જેમણે એકવાર ગુરુપ્રેમનો અનુભવ કર્યો હોય તેને સંસારનો પ્રેમ કચરાપેટી જેવો લાગે.

જેણે આત્મતત્ત્વનું મૂલ્ય સમજાયું હોય તેને સંસારના કોઈ પણ પદાર્થની કોઈ વેલ્યુ હોતી નથી.

જેને એકવાર **'સ્વ'** નું આકર્ષણ થઈ જાય તેને દુનિયાની કોઈ વસ્તુ આકર્ષી ન શકે.

રતિલાલને ગુરુપ્રેમનો અનુભવ થઈ ગયો હતો, આત્મતત્ત્વનું મૂલ્ય સમજાઈ ગયું હતું અને **'સ્વ'** ગમવા લાગ્યો હતો. એટલે રતિલાલ ભલે રહેતા હતાં ઘરમાં પણ એનું મન હતું ઉપાશ્રયમાં ગુરુની પાસે..!!

## ગુરુ પ્રેમનો અનન્ય અનુભવ

તે પ્રકૃતિને સહાયક બનાવી ગુરુ સાથે અનુસંધાન કરતા હતાં. ઉગતા સૂર્યમાં પણ એમને ગુરુ પ્રાણની આકૃતિ દેખાય અને ચંદ્રની ચાંદનીમાં ગુરુના વાઈબ્રેશન્સ્ અનુભવાય. પ્રકૃતિના કણ કણ એમને ગુરુ પ્રાણ સાથે જોડતી કડી જણાય ! ઘરનાં બધાં જ્યારે પ્રસંગનો આનંદ માણતા હોય ત્યારે તે ગુરુની યાદમાં ખોવાયેલાં હોય..!!

જમવાના સમયે તેને બોલાવે ત્યારે એક જ જવાબ હોય, મને હમણાં ભૂખ નથી.. ભૂખ પણ ક્યાંથી હોય.. ?

**''જેમને આત્મભોજન કરવાના ભાવ જાગ્યા હોય તેને દ્રવ્યભોજનની ભૂખ ક્યાંથી હોય ?''**

રતિલાલની ગુરુ પ્રત્યેની સમર્પણતા એટલી ઉત્તમ હતી કે, એ ગુરુથી દૂર હતાં છતાં ગુરુની પાસે જ હતાં.

**''કેટલાંક એવા હોય જે ગુરુની સાથે હોય, ગુરુની નજીક હોય છતાં ગુરુથી દૂર હોય, અને કેટલાંક એવા હોય જે ગુરુથી દૂર હોય છતાં ભાવથી ગુરુની સાવ સમીપ હોય.''**

જેના ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમનાં મોહનીય કર્મમાંથી ૬૯ ક્રોડાક્રોડ સાગરોપમનાં કર્મોનો ક્ષય થયો હોય તેને જ ધર્મ, ધર્મ ગુરુ અને ધર્મ સાધના પ્રત્યે પ્રેમ થાય, ભાવ થાય, તેને જ ગુરુના સાંનિધ્યમાં બેસવાનું મન થાય, બાકી તો આવે, દર્શન કરે અને ચાલ્યાં જાય.

રતિલાલને ક્યાંય ચેન પડતું નથી. મા ને વારંવાર કહે છે, મા ! મને ગુરુપ્રાણ પાસે જવું છે, મને ત્યાં જવા દ્યો..! પિતાશ્રી સમક્ષ આજીજી કરે છે. મને અહીંયા ગમતું નથી. મને સંસારની કોઈ પ્રવૃતિમાં રસ પડતો નથી. મને મારા માર્ગે જવા દ્યો.

પણ પિતા માધવજીભાઈનું મન જરાપણ પીગળતું નથી. એ તો બાળકના હૃદયના ભાવોને સંસાર તરફ વાળવા એને મુંબઈ મોકલવાનો પ્લાન કરે છે. એમને થાય છે કે, એકવાર મુંબઈ જશે, મુંબઈની મોહમાયાનો રંગ ચઢશે તો સાધુત્ત્વની વાત ભૂલી જશે.



**જીવનમાં સહન શક્તિ ખીલે, સ્વાર્થ પરાયણતા ઘટે તો જ બીજાને ઉપયોગી બની શકાય છે. વૃક્ષ પોતે તાપ સહન કરે છે તેથી જ અન્યને છાંયો આપી શકે છે.**

બહુ જ ઓછા મા-બાપ હોય જે સંયમના માર્ગે જતાં સંતાનને પ્રોત્સાહન આપે, એની ભાવનાની અનુમોદના કરે.

આ કાળમાં સંયમના માર્ગે આવવાના ભાવ તેને જ થાય, જેમણે જન્મ જન્મથી સાધના કરી હોય, અને એવા જન્મ જન્મના સાધકની સાધનામાં અંતરાય આપવી એટલે ભવિષ્યમાં ધર્મથી વંચિત રહેવું પડે એવા કર્મ બાંધવા.

જેનો અંતરઆત્મા જાગૃત થયો હોય, તેને તો સંસાર ક્યારેય રોકી જ શકે નહીં. એટલે એ તો એના માર્ગે જાય જ, પણ બીજા અંતરાય આપી અશાતનાનું પાપ બાંધે.

## પંખી પુરાયું છે પીંજરામાં

આ જગતમાં જેટલાં પણ જીવ જન્મે છે તેમનું જીવન નક્કી હોય છે કે એ એમાં ફેરફાર કરી શકે છે ? તમારૂં સંસારમાં રહેવાનું ફીક્સ છે એટલે સંયમનાં માર્ગે આવતા નથી કે તમારા પુરુષાર્થમાં કચાશ છે ?

કરૂણા, દયા, પ્રેમ, ક્ષમા અને મૈત્રીના સંસ્કાર, ધર્મની અનૂકૂળતાવાળા પરિવારમાં જન્મ, આત્મતત્ત્વની ઓળખ કરાવનાર સત્પુરુષનો સંયોગ પછી પણ જો સંસારના આકર્ષણ, રાગ-દ્વેષ અને મોહમાયાથી ભરેલા વ્યવહારમાં અટકી ગયાં તો મૃત્યુ પછી શું ? ફરી આ બધાં સંયોગો ક્યારે મળશે ?

જો આ જન્મમાં આત્માને સુધારવાની તક મળ્યાં પછી પણ સુધરવાનો પુરુષાર્થ ન કર્યો તો પછી આવો યોગ ક્યારે મળશે તેનો કોઈ ભરોસો નથી. !

રતિલાલ ઊંડા વિચારોમાં ખોવાઈ ગયાં છે. વિચારે છે, હું શું કરૂં ? મારા પાસે કાલનો ભરોસો નથી અને મારા માતા-પિતા મને રોકી રહ્યાં છે. મારા આત્મ કલ્યાણના માર્ગ પર અંતરાય રૂપ બની રહ્યાં છે. હું શું કરૂં ? હું ક્યાં સુધી મારા જીવન માટે અન્ય જીવોનો ભોગ લેતો રહીશ ? ક્યાં સુધી હું બધાંને હેરાન-પરેશાન કરતો રહીશ ? મારો જન્મ તો થયો છે આત્માની પ્રાપ્તિ માટે..!! સ્વયં શાંત થવા અને અન્યને શાંતિ આપવા માટે..!

અને એક દિવસ જાણે ભવિષ્યનો નિર્દેશ કરતાં હોય તેમ પોતાના નાનકડાં હાથમાં ટેટુ દ્વારા લખાવ્યું..**''શાંતિદાતા''** અને ગયાં **'મા'** પાસે..!!

રતિલાલ : મા, મા ! જો હું કોણ છું ? હું **''શાંતિદાતા''** છું. મારો જન્મ સંસારના સુખ ભોગવવા માટે નથી થયો, મારો જન્મ તો સ્વયં શાંતિ અને સમાધિ પામી અન્યને શાંતિ પમાડવા માટે થયો છે. મા ! તું મને પ્રેમથી રજા આપ. મા ! તું મને પ્રેમથી રજા આપે તો શ્રેષ્ઠ છે. બાકી અત્યારે તો હું બહારથી ભલે જીવી રહ્યો છું પણ અંદરથી તો પળે પળે મરી રહ્યો છું.

જે આત્માને પોતાના આત્મા પ્રત્યે ભાવ જાગે છે, આત્મા પ્રત્યે પ્રેમ થઈ જાય છે, તેને જ આત્માની સંભાળ લેવાનું મન થાય છે, આત્માનું હિત કરવાની ઈચ્છા થાય છે, અને તે જ આત્માનું કલ્યાણ કરવા તત્પર થાય છે.

રતિલાલ **'મા'** ને જુદી જુદી રીતે સમજાવવાના પ્રયત્ન કરે છે એક દિવસ અચાનક કહે છે :

રતિલાલ : મા ! માનો કે, આપણે બધાં ઘરમાં અહીં બેઠા હોઈએ અને અચાનક એક ખૂણામાં આગ લાગે અને એ આગ ધીમે ધીમે ફેલાતી હોય તો તું શું કરીશ ?

મા : ફટાફટ જેટલી મૂલ્યવાન વસ્તુઓ છે તેને ભેગી કરી બધાં ઘરની બહાર નીકળી જઈશું. કિંમતી વસ્તુઓને બચાવી લઈશું.

રતિલાલ : મા ! સમજી લે, મૃત્યુ રૂપી આગ તો લાગી જ ગઈ છે. એ આગ ધીમે ધીમે આગળ વધી રહી છે. મારી નજીક આવી રહી છે અને મારે મારી અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુ એવા મારા આત્માને બચાવવો છે.

મા વિચારમાં પડી જાય છે, વાત તો સાચી છે, પણ પુત્ર પ્રત્યેનો રાગ હજુ છૂટતો નથી.

ફરી એક દિવસ રતિલાલ **'મા'** ને કહે છે :

રતિલાલ : મા ! મુક્ત ગગનના પંખી પોપટને સોનાનું પીંજરુ અને ભાવતા ભોજન મળતાં હોય તો પણ એને પીંજરામાં રહેવું ગમે કે મુક્ત ગગનમાં ઉડવું ?

મા : બેટા, મુક્તિ કોને વ્હાલી ન હોય ? બધાં જીવને પોતાની સ્વતંત્રતાની ઝંખના તો હોય જ ને... ! ! !

રતિલાલે પોપટના દ્રષ્ટાંત સાથે પોતાની સ્વતંત્રતાની વાત કરી દીધી અને મનોમન વિચાર્યુ, મને એમ હતું કે, થોડા દિવસ રહીશ એટલે માતા-પિતાને સંતોષ થઈ જશે, પણ એમને તો સંતોષ થતો નથી અને હવે મારો જીવ અહીંયા મુંઝાય છે... એ લોકો માનતા નથી. મારી વાત સમજતા નથી અને સાંભળતા પણ નથી. શું કરવું ? ?

...અને એક દિવસ વહેલી સવારે ચૂપચાપ કોઈને કહ્યાં વિના કોઈને ખબર પણ ન પડે તેમ ભાગી ગયાં અને ભાગીને સીધાં જ્યાં પ્રાણ પ્યારા ગુરુ પ્રાણ બિરાજતા હતાં ત્યાં પહોંચી ગયાં.

**'જેને સંસાર પીંજરા જેવો લાગે એ પંખી ઉડ્યાં વિના રહે ? ?'**

**'જેને પોતાના આત્મા સાથે, ગુરુ પરમાત્મા સાથે પ્રેમ થઈ જાય તેને સંસારમાં કોઈ અટકાવી શકે ?'**

પીંજરામાં પુરાયેલું પંખી આઝાદ થઈ ગયું. રતિલાલે સ્વયંની સ્વતંત્રતા માટે સ્વયં જ માર્ગ કાઢી લીધો.

જેમ મુક્ત ગગનમાં ઉડવા મળતાં, પંખી ખુશ ખુશ થઈ જાય તેમ રતિલાલ ગુરુશરણ મળતાં પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં.

## આત્મ આક્રંદ

રતિલાલ ગુરુના સાંનિધ્યમાં સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ આદિ આગમ શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યાં.

**જે સાધક હોય**
**તેનો પ્રાણ સ્વાધ્યાય હોય.**

જેને આગમ ન આવડે તે ક્યારેય આગમના માર્ગ પર આગળ વધી ન શકે. ભૌતિક જગતનું ગમે તેટલું આવડતું હોય, ગમે તેટલી કુશળતા હોય પણ પરમાત્માના શાસ્ત્રોના અભ્યાસ વિના આધ્યાત્મના માર્ગે ક્યારેય પ્રગતિ ન કરી શકાય.

રતિલાલને પણ આગમ અભ્યાસની લગની લાગી છે. આત્માને જાણવાની તાલાવેલી લાગી છે. એ તો નથી કોઈ સાથે બોલતા કે નથી કોઈને મળતાં... આખો દિવસ દિવાલ તરફ મુખ રાખીને વાંચન અને ચિંતન.. ! !

રતિલાલની જ્ઞાન અભ્યાસની ધગશમાં ગુરુપ્રાણને એમની યોગ્યતાના દર્શન થાય છે.

એક દિવસ શાસ્ત્રોનો અભ્યાસ કરતાં કરતાં રતિલાલની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગે છે. એમનાં વાંચવામાં એક વાક્ય આવ્યું, ભગવાન મહાવીર ગૌતમને કહે છે, 'समयं गोयम मा पमायए ।' હે ગૌતમ ! તું એક ક્ષણનો પણ પ્રમાદ ન કરતો. સાધક માટે એક પળ પણ સંસારમાં રહેવું યોગ્ય નથી. સાધકે એક ક્ષણ પણ સંસારમાં ગુમાવવી ન જોઈએ.'

રતિલાલનું હૃદય હચમચી જાય છે. હું શા માટે હજુ સુધી સંસારમાં છું ? શા માટે સંસારમાં મારો સમય ગુમાવી રહ્યો છું ? હું શા માટે મારી એક એક ક્ષણને વેડફી રહ્યો છું ? મારા ગુરુ મારો સ્વીકાર કેમ નથી કરતાં ?

**ગુરુનાં સાંનિધ્યમાં આવ્યા પછી જેને સંયમનો ભાવ ન જાગે તે ગુરુના રાગી હોય, વૈરાગી ન હોય.**

**ગુરુનાં સાંનિધ્યમાં આવ્યા પછી આત્મકલ્યાણના ભાવ ન જાગે તે ગુરુના આત્માના રાગી ન હોય. જે ગુરુના આત્માના રાગી હોય તે શિષ્ય ગુરુ સંયમના માર્ગે હોય અને પોતે સંસારમાં રહી જ કેવી રીતે શકે ?**

જેનો અંતર આત્મા જન્મો જનમથી જાગૃત થતો આવે છે, પોલીશ થતો આવે છે તે જ વીંટીમાં મઢવા લાયક બને છે. ગુરુપ્રાણની પારખુ નજરે પારખી લીધું કે આ કોલસાની ખાણમાં રહેલો ડાયમન્ડ છે અને ગુરુ પ્રાણ તેને તરાસવાનું શરૂ કરે છે, એની પાત્રતાને વિકસાવવાનું શરૂ કરે છે. જ્યારે રતિલાલની આંખોમાં આંસુ અને આત્મ આક્રંદ જુએ છે ત્યારે સમજી જાય છે કે આ યોગ્ય પાત્ર છે.

**ગુરુ જ્યાં સુધી યોગ્યતા અને પાત્રતા ન જુએ ત્યાં સુધી પોતાની પાસે રાખે પણ પ્રવર્જિત ન કરે.**

ગુરુ પોતાના યોગ્ય શિષ્યને પ્રવર્જિત કર્યા વિના રહે જ નહીં, સંયમના માર્ગ પર લાવ્યા વગર રહે જ નહીં. કેમકે, ગુરુનો શ્વાસ પણ સંયમ હોય, તે પોતાના શિષ્યને શ્વાસ આપે કે માત્ર વિશ્વાસ આપે ?

રતિલાલની પાત્રતા જોઈ ગુરુ પ્રાણ એમને માતા-પિતાની આજ્ઞા લઈ આવવાનું કહે છે, જા ! તું તારા માતા-પિતાની આજ્ઞા લઈ આવ, હું તારો સ્વીકાર કરવા તૈયાર છું. તું સંયમના માર્ગે જવા પાત્રવાન છે.

રતિલાલનો આત્મા જે આક્રંદ કરી રહ્યો હતો તે આનંદિત થઈ ગયો. તેના રોમ રોમ પુલકિત થઈ ગયાં. તેનું મન, તેનું ચિત્ત, તેનો આત્મા પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં.

રતિલાલ ગુરુદેવને વંદના કરે છે અને કહે છે, ગુરુદેવ ! હું હમણાં જ વાવડી



જાઉં છું અને હમણાં જ માતા-પિતાની આજ્ઞા લઈને આવું છું. આજ્ઞા પત્ર પર બંનેની સહી લઈને આવું છું.

... અને રતિલાલ ઉડન ખટોલાની જેમ વાવડી જવા દોટ મૂકે છે. એક જ ભાવ.. જલ્દી આજ્ઞા લઈ આવું અને જલ્દી મારા ગુરુ મારો સ્વીકાર કરે.. હું એમના શરણમાં સમાઈ જાઉં...!!!

## या संयम या संथारो !

રતિલાલ ઘરે આવે છે. માતા-પિતાને આજ્ઞા આપવા વિનંતી કરે છે. માતા-પિતા માનતા નથી. રતિલાલને યાદ આવે છે ગુરુપ્રાણના શબ્દો...!

**જ્યારે કાર્ય સિધ્ધ ન થતું હોય ત્યારે સંકલ્પ કરવો. સંકલ્પ કરવાથી સર્વ કાર્ય સિધ્ધ થઈ જાય છે.**

રતિલાલે ગુરુ પ્રાણ સાથે મનોમન સંકલ્પ કરી લીધો.

**યા સંયમ યા સંથારો..!!**

બધી જ પ્રવૃતિઓ બંધ કરી એક સ્થાને બેસી ગયાં. ન ખાવું,ન પીવું, ન કોઈની સાથે બોલવું, ન ચાલવું... આંખ બંધ કરી ચુપચાપ બેસી ગયાં.

એક દિવસ પૂરો થઈ ગયો. બીજા દિવસે બપોરે પિતા માધવજીભાઈ આવ્યાં, એમણે રતિલાલને જોરથી એક થપ્પડ મારી ગુસ્સાથી બોલ્યાં, આ બધું શું છે? તારા આવા કોઈ નાટક અમારી પાસે ચાલશે નહીં... અમે તને આજ્ઞા આપવાના નથી. તારામાં દીક્ષા લેવાના કોઈ લક્ષણ દેખાતા નથી.

રતિલાલ પિતાના ગુસ્સાથી ન ડર્યાં... ન ડગ્યાં. પણ એક અડગ આત્મવિશ્વાસ સાથે પિતાને કહે છે:

રતિલાલ: પિતાજી, તમે જેને મારો છો તે હું નથી અને હું જે છું તેને તમે મારી શકતાં જ નથી. પિતાજી! આમ પણ હું દિલથી તો તમારો છું જ નહીં તો આ દેહ ઉપર મોહ રાખી શા માટે મિથ્યા ભ્રમમાં રહો છો?

પિતાજીને કોઈ અસર થતી નથી. એ ગુસ્સામાં જ ત્યાંથી ચાલ્યા જાય છે.

આમ ને આમ ત્રણ દિવસ પૂરા થઈ જાય છે. અઠ્ઠમ તપ પૂરો થાય છે. સંકલ્પને સિધ્ધ કરવામાં અઠ્ઠમ તપની આરાધના સહાયરૂપ બને છે. તપમાં અંતરાયને દૂર કરવાની બહુ મોટી તાકાત હોય છે.

ચોથે દિવસે સવારે માધવજીભાઈ ગામના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈને બોલાવી લાવે છે અને કહે છે, મારો દીકરો દીક્ષા લેવાની જીદ લઈને બેઠો છે, આ કાંઈ ત્યાં રહે તેવું લાગતું નથી. પણ જો ગુરુ મહારાજ અભિપ્રાય આપે કે એને અમે સાચવીશું, સંભાળીશું અને એ દીક્ષા માટે યોગ્ય છે તો હું દીક્ષા માટે આજ્ઞા આપવા તૈયાર છું.

જ્યાં રતિલાલે આ શબ્દો સાંભળ્યાં, તેના સાડા ત્રણ કરોડ રોમરાય ખુશીથી ઝૂમી ઉઠ્યાં અને એ ગયા સીધા ગુરુપ્રાણ પાસે... ગુરુપ્રાણને વાત કરી... ગુરુપ્રાણે અભિપ્રાય લખી આપ્યો, 'રતિલાલ દીક્ષા માટે યોગ્ય છે, પાત્રવાન જીવ છે અને શાસનની સાથે રૈયાણી પરિવારનું નામ પણ રોશન કરશે.'

રતિલાલે ગુરુનો અભિપ્રાય પિતા સમક્ષ રજુ કર્યો, પિતાએ વાંચ્યો અને કહ્યું ઠીક છે, લાવ પેપર અને પેન... હું તારી દીક્ષાના પેપર પર સહી કરવા તૈયાર છું.

પિતાની આજ્ઞા મળી ગયા પછી રતિલાલ માતાની આજ્ઞા લેવા જાય છે.

રતિલાલ: મા, મા!

મા સાંભળે છે પણ જવાબ દેતા નથી. રતિલાલ બીજીવાર, ત્રીજી વાર બૂમ મારે છે, મા ધીમે ધીમે પુત્ર તરફ મોઢું ફેરવે છે. આજે મા ને દીકરાનું કંઈક અલગ જ રૂપ દેખાય છે, ગઈકાલ સુધી જેને જોઈને મમતા અને વાત્સલ્ય ઉભરાતાં હતાં, આજે એને જોઈને અલગ પ્રકારનાં સ્પંદન અનુભવાય છે. મા થી નથી રહેવાતું, નથી સહેવાતું...

રતિલાલ ફરી બોલાવે છે, મા... મા...!!

મા સામું જુએ છે.

રતિલાલ: મા, તું મારૂં અલ્પ સમયનું હિત ચાહે છે કે દીર્ઘ કાલનું? તું સિર્ફ મારા શરીરનું હિત ચાહે છે કે મારા આત્માનું પણ હિત ચાહે છે? તું મને આ જન્મમાં જ સુખી જોવા ઈચ્છે કે કોઈપણ જન્મમાં દુ:ખી ન થાઉં તેવું ઈચ્છે છે? મા મૌન છે.

રતિલાલ: મા ! મને જવાબ જોઈએ છે.

મા: બેટા, શું જવાબ આપું ? મારૂં મન કહે છે તું મારૂં સંતાન છે, મારો દીકરો છે, પણ મારા આત્મામાંથી અવાજ આવે છે, તું મા નો પુત્ર નહીં પરમાત્માનો પુત્ર છે.

રતિલાલ: મા, હું એ માર્ગ પર જઈ રહ્યો છું. જ્યાં સંસારના કોઈ દુ:ખ કે કષ્ટ ન હોય, જ્યાં રાગ-દ્વેષ ન હોય, જ્યાં કોઈ વેદના કે પીડા ન હોય, જ્યાં કોઈ અશાંતિ ન હોય, મા ! શું હું તારી પાસે સુખમાં રહું એ તું ઈચ્છે છે કે હું પરમાત્મા પાસે પરમ સુખમાં રહું એવું ઈચ્છે છે ?

મા પુત્રની દલીલને સમજે છે પણ મમતાને કારણે હા કહી શકતી નથી.મૌન થઈ જાય છે.

રતિલાલ: મા, મને ખબર છે, મારા પ્રત્યેનો રાગ અને મોહ જ તને આજ્ઞા આપતા અટકાવે છે, પણ મા ! મને એક વાત કહે, શું તું ગયા જન્મમાં મારી સાથે હતી અને આગલા જન્મમાં મારી સાથે હોઈશ ?

મા ના ચહેરા પર નથી 'હા' કે નથી 'ના'.

મા સૂનમૂન થઈ ગઈ છે.

રતિલાલ: મા, મને એવું થાય છે કે મારા ગુરુ મારી સાથે જન્મ જન્મથી છે. એમનું અને મારૂં જન્મો જન્મનું કનેક્શન છે. એમને જોઈને મારા હૃદયમાં કંઈક અલગ જ ભાવ આવે છે. કંઈક અલગ જ શાંતિ મળે છે અને મા ! મને એમના દેહની આકૃતિ નહીં પણ એમનો દિવ્ય આત્મા એમના તરફ ખેંચે છે, જાણે મને કહે છે, **''હે વત્સ ! આવ... મારી પાસે આવ. તું અને હું એક સમાન છીએ.''** મા ! મને એ દિવ્ય ચેતનાને પામવી છે, દિવ્ય ચેતનાને અનુભવવી છે, એ દિવ્ય ચેતનામય સ્વરૂપના સાંનિધ્યમાં જીવવું છે, જ્યાં મને પરમ સમાધિનો અનુભવ થાય છે. મા ! મને આજ્ઞા આપો..!!

મા પાસે જવાબ નથી. મા એકીટશે નાના પુત્રની મોટી મોટી વાતોને સાંભળી રહી છે.

રતિલાલ: મા ! તે મારા આ શરીરને જન્મ આપ્યો છે, એટલે કદાચ મારા શરીર પર તારો અધિકાર રાખી શકે પણ મારો આત્મા તો સ્વતંત્ર થવાની તૈયારીમાં છે. અનંતકાળથી સ્વતંત્ર થવાની દિશામાં છે. મા ! તું મારા શરીરને રોકી શકીશ પણ મારા આત્માને નહીં રોકી શકે અને આ શરીરને પણ ક્યાં સુધી રોકી શકીશ ? એક દિવસ તો હું એને છોડવાનો જ છું. નહીં... મા... તું મને રોકી નહીં શકે, મા ! મને વિશ્વાસ છે તું મા છે અને સંતાનનું હિત ઈચ્છનારી છે. મા ! યાદ છે તને, તું કહેતી હતી, હું જ્યારે ગર્ભમાં હતો ત્યારે તને ધર્મની ઉત્કૃષ્ટ ભાવના થતી હતી. ધર્મ કરવાનું મન થતું હતું..મા ! આ જ તો કુદરતનો સંકેત છે.

મા ! તેં તો અશાશ્વત એવા શરીરનો જન્મ કરાવ્યો છે. જ્યારે મારા ગુરુએ તો મારા આત્માનો જન્મ કરાવ્યો છે. મા ! શું તું મને આત્મહિતના માર્ગે જતાં રોકીશ ? શું તું મને પરમાત્માના પંથે જતાં રોકીશ ? શું તું મને સિધ્ધત્વની યાત્રામાં અંતરાય આપીશ ?

અને... પરમ પ્રાપ્તિની પ્યાસી આત્માને એક મા જ્યારે સાંભળે છે... પરમ પ્રાપ્તિના યાત્રિકની એ તડપ, એ તરસ, એ વ્યથા, એ વેદના અને એ વ્યાકુળતા માના હૃદયને પીગળાવી દે છે... પુત્રની આંખોમાંથી વહેતા આંસુ... જોડાયેલા હાથ અને દિવ્ય ચહેરો... વિનંતીની મુદ્રા અને પ્રાર્થના સભર ભાવોથી મા ની સામે જોઈ રહેલા રતિલાલ.!

મા ધીમે ધીમે નજીક આવે છે રતિલાલના હૃદયમાં અકથ્ય અનુભૂતિ થઈ રહી છે. મા **'હા'** કહેશે કે **'ના'** પાડશે ? એક તરફ **'મા'** માં મા દેખાય છે અને અવાજ સંભળાય છે, ના... બેટા ! હું તને નહીં જવા દઉં, હું તને મારાથી અલગ નહીં થવા દઉં. તો બીજી તરફ **'મા'** માં પરમાત્મા દેખાય છે અને સંભળાય છે, બેટા ! તારા ભાવ શ્રેષ્ઠ છે, જા મારા આશીર્વાદ છે, સત્યના માર્ગે આગળ વધ અને તારી મંઝીલ સુધી પહોંચી જા..! હજુ તો બે પ્રકારના અવાજ હૃદય સુધી પહોંચે ત્યાં તો મસ્તક ઉપર હાથ મૂકાયો... એ માત્ર હાથ ન હતો, પ્રેમનો વહેતો ધોધ હતો.

મા: બેટા, તું પરમના માર્ગનો પથિક છે, તારો વૈરાગ્યભાવ પણ શ્રેષ્ઠ છે અને મને ગૌરવ છે કે તું મારૂં સંતાન છે. મારા આર્શીવાદ છે તું જગતના જીવોનું હિત અને શ્રેય કર.. તું તારા આત્માનું કલ્યાણ કર..!! હું તને સંયમના માર્ગે જવાની આજ્ઞા આપું છું પણ...

પહાડ જેવો **'પણ'** શબ્દ સાંભળી રતિલાલનું હૃદય એક ધબકાર ચૂકી ગયું... ધ્રુજતા અવાજે પૂછે છે, મા ! પણ... શું ? ?

મા: બેટા મારી એક શરત છે, મારા અંત સમયે તું મારી પાસે આવજે, મને ધર્મ પમાડજે, મારી બહારની આંખો જ્યારે બંધ થતી હોય ત્યારે તું મારી અંદરની આંખ ખોલી દેજે, જેથી આવતા ભવે હું પણ પરમના માર્ગે જઈ શકું.

રતિલાલ વિચારવા લાગ્યાં, શું હું માની શર્ત પૂરી કરી શકીશ ? એ અંતરના ઉંડાણમાં ગયા... ધ્યાનમાં ચાલ્યા ગયા અને ધ્યાનમાં... એમના વિઝનમાં દેખાવા લાગ્યું કે એ એમની માને અંત સમયે અંતિમ આરાધના કરાવી રહ્યાં છે, મા ના મૃત્યુને સુધારી રહ્યાં છે. બીજી જ ક્ષણે રતિલાલે ભાવથી મા ને કહ્યું, મા ! તારી ભાવના ને પૂર્ણ કરવાની મારી તૈયારી છે. હું જરૂર તારી ભાવના પૂરી કરીશ.

મા આજ્ઞા પત્ર પર સહી કરી અંતરથી આશીર્વાદ આપે છે.

## પ્રસન્નતાની પાવન પળો

રતિલાલનું હૃદય હર્ષિત થઈ જાય છે. તેના રોમ રોમ પુલકિત થઈ જાય છે, તેની આંખોમાં **'મા'** પ્રત્યે અહોભાવ પ્રગટ થઈ જાય છે. એ એક શબ્દ પણ બોલી નથી શકતાં પણ ભાવો આંસુ બનીને વહેવા લાગે છે. તેનું શરીર મા ના ચરણોમાં ઝૂકી જાય છે, તેના હૃદયમાં મા પ્રત્યે આભાર ભાવ અને કૃતજ્ઞ ભાવ પ્રગટવા લાગે છે. **'મા'** માં તેને પરમાત્માનો અંશ અનુભવાય છે. ગદ્ગદ્દીત હૃદયે માત્ર એટલું જ કહે છે: **મા ! આજે મને સંયમના માર્ગે જવાની આજ્ઞા આપીને તે અનંતકાળની અંતરાયોનો ક્ષય કરી દીધો છે, મા ! તારા જેવી માતાને પામી હું ધન્ય**

**બની ગયો છું.**

રતિલાલ આજ્ઞા પત્ર લઈ સીધા જાય છે ગુરુ પ્રાણ પાસે..!!

ગુરુદેવ! ગુરુદેવ! જુઓ! હું આજ્ઞા પત્ર લઈ આવ્યો છું. ગુરુદેવ! આમાં મારા માતા-પિતા બંનેની સંમતિ છે. ગુરુદેવ! બસ! હવે મારો જલ્દી સ્વીકાર કરો.. મને જલ્દી દીક્ષાના દાન આપો..!!

ગુરુપ્રાણે આજ્ઞા પત્ર સ્વીકાર્યો અને એમનાં હૃદયમાં પરમ સંતોષ, પરમ આનંદ અને પરમ ઉલ્લાસ વ્યાપી ગયો. આજ મારો વારસદાર.. જિન શાસન અને ગુરુપ્રાણના પરિવારને વધારનારો આવી ગયો છે, મને સંતોષ છે.

**ગુરુના ચહેરા પર પ્રસન્નતા,**
**શિષ્યના ચહેરા પર આનંદ.!**
**ગુરુની આંખોમાં ભવિષ્યનું દર્શન,**
**શિષ્યની આંખોમાં ગુરુનું દર્શન!**

બીજે જ દિવસે ગુરુ પ્રાણ વિહાર કરીને બીલખા જાય છે. બીલખા સંઘના પદાધિકારીને કહે છે, રતિલાલ જેવા પાત્રવાન જીવ જિન શાસનની શોભા બનવા જાય છે ત્યારે અમારા ભાવ છે કે એમની દીક્ષાનો અપૂર્વ અવસર બીલખા સંઘના આંગણે ઉજવાય. આજ સુધી એ એના માતા-પિતાની સંપતિ હતી, આજ એ માતા-પિતાએ એમની સંપતિ, એમના સંતાનને શાસનને અર્પણ કરી દીધાં છે.

સોરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણના સાંનિધ્યમાં ભગવતી દીક્ષાનો અપૂર્વ અવસર બીલખાના આંગણે.!! બીલખા સંઘ ભાવવિભોર થઈ ગયો અને ગુરુની આજ્ઞા શિરોમાન્ય કરી દીક્ષાની તૈયારીમાં લાગી ગયો. બીલખાના એક એક ઘરમાં આનંદ આનંદ છવાયો છે. હર એક વ્યક્તિ ભાવ, ભક્તિ અને શ્રધ્ધાપૂર્વક યુવા રતિલાલની દીક્ષાની તૈયારીમાં જોડાઈ ગઈ છે.

જેમનું નામ ઈતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકિત થવાનું છે એવા ભવ્ય આત્માની દિક્ષાનું સૌભાગ્ય બીલખા સંઘને મળ્યું તો ખરું પણ... એ સૌભાગ્ય... એ



**શ્રધ્ધા ધોયેલા વસ્ત્ર સમાન છે. અશ્રધ્ધા કાણાવાળા વસ્ત્ર સમાન છે. જેમ કાણાવાળું વસ્ત્ર સાવ નકામુ હોય તેમ અશ્રધ્ધાવાનની જીંદગી નકામા જેવી હોય છે.**

આનંદ... એ ઉમંગ... બીલખા સંઘના સદ્‌ભાગ્યમાં ન હતાં.

દીક્ષા મહોત્સવની તડામાર તૈયારીની વચ્ચે જૂનાગઢ સંઘના પદાધિકારીઓ ગુરુ પ્રાણ પાસે એક નાનકડો પત્ર લઈને આવ્યાં. પત્ર ગુરુ પ્રાણના હાથમાં આપ્યો. પત્રમાં લખ્યું હતું...

ગુરુદેવ! આપના ચરણોમાં વંદન... આપશ્રીને જણાવવાનું કે મારૂં આરોગ્ય સારૂં નથી. મારું સ્વાસ્થ્ય સારૂં નથી અને મારા શરીરનું, મારી તબિયતનું કોઈ ઠેકાણું નથી. તમારો ચેલો થતો હોય અને એની દીક્ષા હું ન જોઉં એ કેમ ચાલે ?

પત્રમાં નીચે લખ્યું હતું, મણીબાઈ મહાસતીજી..!

ગુરુ પ્રાણે પત્ર વાંચીને જૂનાગઢ સંઘને કહી દીધું, રતિલાલની દીક્ષા માટે અમે જૂનાગઢ સંઘની ભાવના સ્વીકારશું. પૂ. શ્રી મણીબાઈ મ. ની ઈચ્છા છે તો અમે દીક્ષા જૂનાગઢમાં આપીશું.

ગુરુપ્રાણ, મુમુક્ષુ રતિલાલ આદિ બીલખાથી વિહાર કરી ભગવાન નેમનાથની ભૂમિ જૂનાગઢ પધારે છે. જૂનાગઢની ભૂમિ પોઝીટીવ વાઈબ્રેશનસ્થી પાવન થઈ જાય છે. સમસ્ત વાતાવરણમાં એક અલગ પ્રકારનો આનંદ, અલગ પ્રકારની પ્રસન્નતા છે, સૌના હૃદયમાં ઉમંગ અને ઉત્સાહ છે. દીક્ષા એક પિતાનો પુત્ર લઈ રહ્યો છે અને એ પણ જૂનાગઢનો ન હતો, છતાં હર એક વ્યક્તિને એમ લાગતું હતું જાણે અમારા ઘરમાં દીક્ષા ઉત્સવ છે અને અમારો જ દીકરો દીક્ષા લઈ રહ્યો છે.

આ તો હતી જૂનાગઢના જૈનોની ખુશી... પણ આ દીક્ષાથી રતિલાલને વધારે ખુશી હતી કે ગુરુ પ્રાણને વધારે ખુશી હતી ?

શું ગુરુ પ્રાણને શિષ્ય મળવાની ખુશી હતી ?

ગુરુ પ્રાણને આનંદ હતો કે, એક આત્મા, એક ભવ્ય આત્મા કલ્યાણના માર્ગે આવી રહ્યો છે. એક એવો આત્મા જે જન્મથી જ શરીર પર વિશેષ પ્રકારના ચિન્હ અને વિશેષ પ્રકારની દેહાકૃતિ લઈને આવ્યો છે, જેનું મસ્તક મંદિરાકારનું છે, જે સૂચવે છે કે આ કોઈ ભવિષ્યના સિધ્ધ પુરુષ બનવાની ક્ષમતા ધરાવે છે, અને એવો આત્મા આજે સંયમના માર્ગે આવી રહ્યો છે એનો આનંદ ગુરુ પ્રાણના રોમ રોમમાં વ્યાપી રહ્યો છે.

જ્યારે એક મહાન આત્મા સંયમના માર્ગે આવે છે, પરમના માર્ગે આવે છે ત્યારે અનેક આત્માઓનું કલ્યાણ થાય છે, અનેક જીવોના જીવનમાં જબરદસ્ત પરિવર્તન આવે છે. અનેકની લાઈફમાં યુ-ટર્ન આવે છે.

માનો કે, આજે રતિલાલે દીક્ષા ન લીધી હોત, સંયમના પંથે ન આવ્યા હોત અને એમના અન્ય ભાઈ બહેનોની જેમ સંસાર માં રહ્યાં હોત તો... ?? તો આજે એમની નોંધ કોઈએ ન લીધી હોત.

પણ એ પરમાત્માના માર્ગે આવ્યા, ૧૪૫ આત્માઓના ઉધ્ધારક બન્યાં, હજારોની લાઈફમાં યુ-ટર્ન આવ્યો એટલે આજે એમનું નામ ઈતિહાસના પાના પર અમર થઈ ગયું અને આજે ૧૦૦ વર્ષ પછી પણ સહુના હૃદયમાં જીવંત છે.

જીવન કોનું સાર્થક કહેવાય ?

સંસારમાં રહી ઘરની ચાર વ્યક્તિનું જીવન સુધારે તેનું કે સંયમ સ્વીકારી હજારો લોકોને મોક્ષ માર્ગની પ્રેરણા કરી મોક્ષમાર્ગી બનાવે તેનું ?

લગ્ન, બાળકો, બિઝનેસ અને સંબંધીઓ કરનારનું જીવન સાર્થક કે સંયમ, દીક્ષા, જ્ઞાન, અને શાસનની સેવા કરે તેનું ?

**એક દિપક કદાચ એક ઘરને પ્રકાશિત કરી શકે જ્યારે એક દિવાકર સમસ્ત વિશ્વને પ્રકાશિત કરી શકે.**

તમે તમારા સંતાનને દીપક રૂપે જોવા ચાહો છો કે દિવાકર રૂપે ?

સ્વાર્થભર્યું જીવન જીવવાવાળા તો લાખો હોય છે પણ પરમાર્થ ભર્યું જીવન જીવવાવાળા એ લાખોમાં એકાદ હોય છે.

### પરમાત્મા નેમનાથની પાવન સાધના ભૂમિ
### તપસમ્રાટ ગુરુદેવની સંયમ ભૂમિ
### ધન્ય ગીરનારની પાવન રજ
### ધન્ય જુનાગઢ નગરી

તીર્થંકર પરમાત્મા નેમનાથની પાવન ભૂમિ, સેંકડો વર્ષો પછી પણ જે ભૂમિના વાઈબ્રેશન્સ્ તીર્થંકરની પ્રત્યક્ષતાની અનૂભૂતી કરાવી રહ્યાં છે, એ જૂનાગઢની પાવન ભૂમિ પર, એ જ તળેટીની સ્કૂલના પ્રાંગણમાં વિશાળ સામિયાણો શોભી રહ્યો છે.

જે છોડવાનું જ છે એને પકડવાનો મિથ્યા ભ્રમ તે સંસાર છે અને જે શાશ્વત છે તેને પામવાનો પુરુષાર્થ એ સંયમ છે.

રતિલાલના હૃદયમાં પણ 'સ્વ ને પામવા સંયમના ભાવ જાગૃત થયા હતાં. અને આજે એ જાગૃત થયેલાં ભાવોને સાકાર કરવાની ક્ષણ આવી ગઈ હતી.

બહુ જ નાનપણથી તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા. થી પ્રાપ્ત ચીનગારીથી અને ગુરુપ્રાણના પ્રથમ દર્શનથી જ રતિલાલના હૃદયમાં સંયમ પ્રતિ, સ્વ પ્રતિ, જ્ઞાન પ્રતિ અને આત્મા પ્રતિ એક અનન્ય ભાવ જાગૃત થયા હતાં. એ ભાવ દિન પ્રતિદિન દ્રઢ થતાં હતાં અને પોતાના સંકલ્પની સફરમાં આવતાં અનેક સંઘર્ષો અને સંકટોને સમતાભાવે સહન કરતાં કરતાં આજે સંકલ્પ સાકારની નીસરણી પર ઉભા છે, વિરોધ અને વિપત્તિની આગમાં સેકાઈને શુધ્ધ સોના સમ ચમકી રહ્યાં છે... જન્મ જન્મના સાથીને પામવાનો એ દિવસ... ઈ.સ.૧૯૩૩, ૧૬મી માર્ચનો એ દિવસ ઐતિહાસિક દિવસ બનવા જઈ રહ્યો છે.

જૂનાગઢના રામચંદ્ર આશ્રમમાં એક ભવ્ય અને દિવ્ય બગીમાં વર્ષીદાન કરતાં રતિલાલ પ્રસન્ન ચિત્તે સહુનું અભિવાદન ઝીલી રહ્યાં છે.

ગુરુપ્રાણ.. જે હર એક હૃદયના પ્રાણ હતાં, એમનાં સાંનિધ્યમાં આજે દીક્ષા મહોત્સવનો આનંદ હર એક દિલમાં વર્તાઈ રહ્યો છે. વાવડી, વેરાવળ, સાવરકુંડલા, વિસાવદર, ઉના, સરસઇ, રાજકોટ, જેતપુર, ગોંડલ, જામનગર, ધારી, બગસરા, મુંબઈ આદિ ગામે ગામથી ભાવિકો અને સંઘો પધાર્યા છે.

જૂનાગઢની શેરીઓને જય જયના નાદથી ગુંજવતી બગી અને વિશાળ સમુદાય સાથેની દીક્ષા શોભાયાત્રા આશ્રમથી ગિરનારની તળેટીમાં આવેલી સ્કુલના પ્રાંગણમાં, વિશાળ પટાંગણમાં **'દીક્ષાર્થી અમર રહો'** ના જયનાદ સાથે પધારે છે, ત્યારે એક અનુપમ દ્રશ્ય સર્જાય છે.

એક તરફ રતિલાલ દીક્ષાર્થીના ભવ્ય વેશમાં હાથમાં ચાંદીના શ્રીફળ સાથે, આંખોમાં સંકલ્પ સાકારના ભાવો સાથે, હૃદયમાં પોતાનાં પૂજ્ય અને તારણહારને પામવાનાં ઉમંગ સાથે, તેજસ્વી મુખમુદ્રા સાથે ઊભા છે તો બીજી તરફ આંખોમાં આત્મસંતોષ અને હૃદયમાં આવકારનાં ઉમળકા સાથે ગુરુપ્રાણ ઊભા છે. ગુરુપ્રાણના ચહેરા પર આહલાદ્ક ખુશીના ભાવ છે.

જેમ એક મા ને પોતાના બાળકને આંગળી આપીને ચલાવવાનો આનંદ થાય એવો જ આનંદ એક ગુરુને પોતાના શિષ્યને આંગળી પકડી મોક્ષમાર્ગે લાવવાનો થતો હોય છે. ગુરુપ્રાણના અંતરમાં પણ આજે આવો જ આનંદ હતો.

જેમ ઉછળતાં મહાસાગરમાં ડૂબતો માણસ બચવા માટે જબરદસ્ત પુરુષાર્થ કરતો હોય, તે સમયે એક નાવિક મહા પ્રયત્ને તેને ઉગારી શકે, તેને બચાવી શકે અને પોતાની નાવમાં બેસાડી શકે ત્યારે તેને એક ડૂબતા જીવને બચાવવાનો જે સંતોષ થાય, તેવો જ આત્મ સંતોષ હતો ગુરુપ્રાણના હૃદયમાં.!

ભર દરિયાની અંદર ડૂબતા માનવીનો પોકાર સાંભળી કોઈ એને પોતાનો હાથ આપે અને એ હાથ આપી એને મહામુશ્કેલીમાંથી બહાર કાઢે અને પોતાનું શરણ આપે ત્યારે એ તારનાર, બચાવનાર પ્રત્યે જે આભારભાવ, કૃતજ્ઞભાવ હોય એવો જ આભારનો અહોભાવ હતો રતિલાલની ભક્તિભીની આંખોમાં..!!

અને સંઘ અને શ્રાવકોની આંખોમાં હતો અનેરો ઉત્સાહભર્યો ભક્તિભાવ અને ઉપકારભાવ..!!

ગુરુપ્રાણ અને રતિલાલ બંને મૌન છે પણ બંનેની આંખો વાતો કરી રહી છે, એક કહે છે, આવ, વત્સ્ આવ અને એક કહે છે, ઓ ગુરુદેવ ! મારો સ્વીકાર કરો.

હજારો લોકો આ નયન મિલનના મૂક સાક્ષી બન્યાં છે.

પરમની પ્રાપ્તિ, શ્રેષ્ઠતાની પ્રાપ્તિ જેને થવાની છે એના દિલના હાલ શું હોય તે તો માત્ર તે જ અનુભવી શકે, એની અભિવ્યક્તિ ક્યારેય શબ્દોમાં થઈ જ ન શકે.

જેને એકવાર **'સ્વ'** ની પ્રાપ્તિ થઈ હોય તેને જ ખબર પડે કે સંયમનો આનંદ શું હોય ? સંયમની પ્રાપ્તિનો સંતોષ શું હોય ? ગુરુઆજ્ઞાના સ્વીકારનો આનંદ શું હોય ?

– ક્રમશ:

# અનન્ય અવધૂતની ઓળખયાત્રા

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મ શતાબ્દી મહોત્સવ અવસરે 'પ્રાણપુષ્પ' માં પૂ. ગુરુદેવ શ્રી નું જીવન કવન વાંચો અને દરેક અંકમાં પ્રસિદ્ધ થતાં ૧૧ પ્રશ્નોના જવાબો આ ફોર્મમાં ભરીને પારસધામ મોકલો. જન્મશતાબ્દી મહોત્સવ અવસરના છેલ્લા અંક સુધી પ્રકાશિત દરેક અંકોના લેખિત અને સાચા જવાબ આપનારને ઈનામ આપવામાં આવશે.

કોના માટે ? કોના માટે ? કેવી રીતે? કોણ? કેમ?

૧. રતિલાલ ગુરુ પ્રાણ સાથે કેવી રીતે અનુસંધાન કરતાં હતાં ?

૨. માધવજીભાઇ રતિલાલને કયા માર્ગે વાળવા ઇચ્છે છે ?

૩. રતિલાલની દ્રષ્ટિએ એમનો જન્મ શા માટે થયો હતો ?

૪. રતિલાલ ક્યારે એકદમ ખુશ થઇ ગયાં ?

૫. ગુરુ પ્રાણને રતિલાલની યોગ્યતા શેમાં જણાય છે. ?

૬. ગુરુ પોતાના શિષ્યને શું આપે ?

૭. રતિલાલને ગુરુની કઇ વિશેષતાનું ખેંચાણ અનુભવાય છે ?

૮. માધવજીભાઇ શેના આધારે આજ્ઞા પત્ર પર સહી કરે છે ?

૯. આજ્ઞા પત્ર પર સહી કરતાં પહેલાં મા શું માગે છે ?

૧૦. રતિલાલની દીક્ષાથી ગુરુ પ્રાણને કેવા પ્રકારનો આનંદ થતો હતો ?

૧૧. રતિલાલના સ્વપ્ન સાકારનો દિન...

નામઃ ______ ઉંમર ______ M ☐ F ☐

સરનામુંઃ ______

સીટી ______ પીનઃ ______

ફોન નંબરઃ (ઘર)______ (મોબાઈલ)______

ઇ મેઇલઃ ______

પ્રથમ ઇનામ 1 લાખ | દ્વિતીય ઇનામ 51 હજાર | તૃતીય ઇનામ 21 હજાર

**૮૦ થી વધુ સાચા જવાબો આપનારનું સન્માન કરવામાં આવશે.**

પ્રશ્નોતરમાળાના જવાબ ૩૦/૦૩/૨૦૧૩ સુધીમાં મોકલનારના ફોર્મ જ માન્ય ગણાશે.

જવાબ ભરીને મોકલવાનું સરનામું :

**અનન્ય અવધૂત ઓળખયાત્રા** - પારસધામ : વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ ) મુંબઇ - ૪૦૦૦૭૭

**website : www.parasdham.org**

ફોર્મની ઝેરોક્ષ માન્ય ગણાશે.

## દિલ્હીમાં
રહેવા જમવાની ઉમદા સગવડ

5 Star Amenities
**SWATI Hotels**

- 15-A/56, W.E.A. Karol Bagh, Opp. Roopak Stores, Ajmal Khan Road, New Delhi - 110 005
- 17-A/32, W.E.A. Karol Bagh, Gurudwara Road, Opp. Jasaram Hospital, New Delhi - 110 005

**Suruchi**
VEGETARIAN RESTAURANT

**Delhi:** Karol Bagh ★ Shalimar Bagh ★ Anand Vihar ★ **Faridabad**
**Opening Shortly**
**Bhopal - Jalandhar - Raipur**

**Shudh**
North India's First Vegetarian Food Court

**Delhi:** Karol Bagh
Jalandhar
**Opening Shortly**
**Bhopal - Guwahati**

**Franchise inquiry solicited**
Tel:**+91-11-45000300** Resv.no:**+91-11-45000325/26**
E-mail: info@hotelswati.com / reservation@hotelswati.com
www.swatihotels.com
www.shudhrestaurant.com
www.suruchirestaurants.com

**A VENTURE OF SUGAL & DAMANI GROUP**



**Pravin Shah**
**Piyush Shah**
**M.: 9320555504**



# Kaladeep Corporate

**Manufacturers & Suppliers Of :**

**CORPORATE & INDUSTRIAL UNIFORMS,**
**FILTER BAGS, THIGHER,**
**BATA SAFETY SHOES & SAFETY ITEMS**

Stockist : Filter Cloth, "Duck Back" Raincoats, Gumboots, Umbrellas, Woollen Sweaters & Any General Welfare Items.

A/3, Jivram Bhuvan, Ram Ratan Trivedi Road, Mulund (West), Mumbai - 400 080. Telefax. : 2560 4627, Tel. : 2591 9401
E-mail : kaladeepcorp_80@yahoo.com





*With Best Compliments From*
# OPTICAL PALACE
SINCE 1984

COMPUTERISED EYE TESTING ● CONTACT LENS CLINIC

• AUTHORISED CENTRE •

Calvin Klein · SNIPER U.S.A. · Silhouette · Ray-Ban · OXYDO SUNGLASSES · BOSS HUGO BOSS

2, Neelkanth Shopping Centre, Cama Lane Corner, Ghatkopar (W), Mumbai-400 086. Tel. : 2512 9516



BLACK ANT +919820097289

# a LOT for your TOT ...
## at CARRON

carron
readymade garments

188, kalbadevi road, opp, cotton exchange. mumbai - 400 002 Tel.: 2240 44 49 web: www.carrongroup.in

*With Best Compliments from*

# Shasun Pharmaceuticals Limited

*Manufacturer of*
*Finished Dosage Forms, Bulk Pharmaceutical*
*&*
*Bio therapeutic Ingredients*

Shasun®
For Life - Science Works

*Registered & Corporate office*

*3rd & 4th Floor, "Batra Centre"*
*28, Sardar Patel Road, Guindy, Chennai 600 032. India*

*Tel : 91-44-4344 6700 Fax : +91-44-2235 0278*
*Email : shasun@shasun.com, Website : www.shasun.com*

# પુન: પધારતાં પૂજ્યવરના પાવન પગલે... પ્રેમના દીપક પ્રગટ્યાં...



પૂ. ગુરુદેવશ્રી પધાર્યાની ખુશી... બાળકો અને યંગસ્ટર્સની અભિવ્યક્તિ



લુક એન લર્નના બાળકો... લોટસ્ નૃત્ય દ્વારા સ્વાગત



સમૂહ વંદના દ્વારા પ્રેમભર્યું સ્વાગત



અવગુણોના તાળાને ગુણોની ચાવીથી ખોલવા વિનંતિ કરતાં બાળકો

કોલક્તાના હૃદય સિંહાસને બિરાજેલા **રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** ચેન્નઈથી વિહાર કરી, લીલવા અને હાવડાના ભાવિકોને ધર્મલાભ પમાડી, નવલખા ઉપાશ્રયે ત્રણ દિવસની સ્થિરતા કરી શ્રી કામણી જૈન ભવન પધાર્યાં હતાં.

૩૦ મી ડીસેમ્બર... શિયાળાની કડકડતી ઠંડી અને વહેલી સવારનો ૬:૩૦ નો સમય છતાં માનવ મહેરામણ ઉમટયો હતો. મંગલ કુંભધારક બહેનો, જય જયનો નાદ ગુંજવતા યંગસ્ટર્સ, ગુરુ અમૃતવચનોના બેનર સાથે બાળકો, સમસ્ત કોલક્તા સ્થા જૈન સંઘોના પ્રમુખો, પ્રતિનિધીઓ, અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, અર્હમ સત્સંગ, ગુરુ સ્પંદન ગ્રુપ, શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ, જૈન-અજૈન શ્રાવકો-શ્રાવિકાઓ અને વિશાળ સંખ્યામાં ગુરુભક્તો સાથે વિહારમાં પૂ. શ્રી દર્શનાબાઈ મ., પૂ. શ્રી વિજયાશ્રીજી મ., પૂ. શ્રી વનિતાશ્રીજી મ., પૂ. સંઘમિત્રાબાઈ મ., પૂ. શૈલાબાઈ મ. પણ જોડાયાં હતાં.

વિશાળ અને ભવ્ય સ્વાગત શોભા યાત્રા પોલોક સ્ટ્રીટ, બેન્ટીક સ્ટ્રીટ, પેરેડાઈઝ સિનેમા, ગ્રાંડ હોટલ, ચેટરજી ઈન્ટરનેશનલ, પાર્ક સ્ટ્રીટ, કેમેક સ્ટ્રીટ, વુડબર્ન પાર્ક, અને એલ્ગીન રોડથી પસાર થઈ ત્યારે માર્ગમાં બાલીકાઓ મીરાંબાઈ, ચંદનબાળા અને શબરીની જેમ પોતાના પરમ પાત્રની પ્રતિક્ષા કરી રહી હતી અને પૂ. ગુરુદેવ પધારતાં જ્યારે મીરાબાઈએ ભક્તિ, ચંદનબાળાએ બાકુળા અને શબરીએ બોર અર્પણ ક્ર્યાં હતાં ત્યારે ભવ્ય શોભાયાત્રા દિવ્ય બની ગઈ હતી. એક એકના હૃદયમાં ગુરુ પ્રેમની પાવન જ્યોત પ્રજવલ્લિત થઈ હતી જેનો પ્રકાશ સર્વની આંખોમાં દ્રશ્યમાન થતો હતો.

સંઘ પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ મોદીએ સહુનું ભાવભર્યું સ્વાગત ક્ર્યું હતું અને મંત્રી શ્રી મનુભાઈ શાહે સહુને આવકાર્યાં હતાં. ત્યાર બાદ નવલખા ઉપાશ્રયના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ દેસાઈ, ટોલિગંજ સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા, લીલવા સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ શ્રી નટવરલાલભાઈ પટેલ તથા હાવડા સંઘના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ સંઘવીએ પૂ. ગુરુદેવનું ઉલ્લાસભાવે સ્વાગત્ ક્ર્યું હતું.

પૂજ્ય ગુરુદેવ શ્રી એ એક એકના હૃદયમાં ઉછળતી ભાવોની, ભક્તિની ભરતીની પ્રશસ્તિ કરી હતી.



## ઇન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ

# સવાસો વર્ષીતપ તપસ્વી ભવ્ય સન્માન સુહાની સાંજી

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મ શતાબ્દી વર્ષ સ્મૃતિ અવસરે ૧૦૦૮ વર્ષીતપ આરાધકોની શ્રૃંખલામાં કોલકત્તાના સવાસો વર્ષીતપ આરાધકોના પારણા મહોત્સવ ઉજવાયો.

આ અવસરે તપસ્વીઓના તપનું સન્માન કરતી સમૂહ સાંજી ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટમાં રાખવામાં આવેલી. તપસ્વીઓના તપનું સન્માન કરવા એમના સગા-સ્નેહીઓ અને સમસ્ત કોલકત્તા સંઘના ભાવિકો પધાર્યા હતાં.

ગુરુ સ્પંદન ગ્રુપે અવસરને અનુરૂપ સ્તવનોની રમઝટ દ્વારા ભક્તિમય વાતાવરણ સર્જર્યું હતું.

હજારો વર્ષોથી ચાલી આવતી વર્ષીતપ આરાધનાના ઉદ્દભવની સંક્ષિપ્ત સમજ આપતાં યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રીએ જણાવ્યું હતું કે, ભગવાન ઋષભદેવની પ્રેરણાના કારણે બાર મુહૂર્ત સુધી અબોલ પશુ આહાર વિનાના રહ્યાં જેના પરિણામ સ્વરૂપે ભગવાનને દીક્ષા ગ્રહણ કર્યા પછી બાર મહિનાથી વધુ સમય સુધી આહારનો યોગ ન થયો.

પરમાત્માના જીવન પરથી એક જ દૃષ્ટિ બોધ લેવાનો કે ક્યારેય કોઈને કોઈ પણ કાર્યમાં અંતરાય ન આપવી. જેની અંતરાય આપીએ ભવિષ્યમાં એ ન મળે એવા કર્મો બંધાય, માટે થાય તો અનુમોદના કરવી અન્યથા શાંત અને મૌન રહેવું... પણ ક્યારેય અંતરાય ન આપવી.

પરમાત્મા આદિનાથના પગલે પા-પા પગલી કરવી એ વર્ષીતપની આરાધના કહેવાય. એ આરાધના એવી હોવી જોઈએ, જે અન્યને પ્રેરણા રૂપ બને. તપસ્વીઓની અનુમોદના અને તપસ્વીઓનું સન્માન પદાર્થથી ન હોય... તપથી હોય.

તપનું મહત્ત્વ અને તપની તાકાત પણ અનોખી જ હોય છે. અકબર બાદશાહના સમયમાં ચંપાબેને કરેલાં ૧૪૦ દિવસના તપથી પ્રભાવિત અને ભાવિત થઈ અકબર બાદશાહે આખા રાજ્યમાં 'અમારી પડહ' જાહેર કરી હતી. એટલે કે રાજ્યમાં ક્યાંય કોઈ પશુની કતલ નહીં થાય. એક વ્યક્તિના તપના કારણે અનેક પશુઓને અભયદાન પ્રાપ્ત થયું.

આ અવસરે ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ ખીચોખીચ ભરાયું હતું જ્યારે શ્રી કેતનભાઇ કામદાર, શ્રી શરદભાઇ ખારા, શ્રી દિલીપભાઇ દેસાઇ, શ્રી શશીભાઇ માલાણી, શ્રી રાજેશભાઇ પુનાતરના સંયુક્ત ઉપક્રમે આ ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમાં સમસ્ત બિલ્ડીંગવાળાને સ્નેહભર્યો સહયોગ પ્રાપ્ત થયો હતો.

### અવસર અનેરો ઉજવાયો અમ કલકત્તામાં

આજે સજીધજી છે કલકત્તા નગરી પ્યારી
લાગે છે સોહામણી ને બ્યુટીક્વીન અનેરી

વરસી રહ્યાં છે આશીર્વાદ ઋષભદેવના
થઈ રહ્યાં છે ધન્ય, તપસ્વી વર્ષીતપના

અહો ! આટલી તપશ્ચર્યા કલકત્તાના આંગણે
ઐતિહાસિક અવસર બન્યો અમૂલ્ય અમ આંગણે

સર્જાણો છે ઈતિહાસ તપશ્ચર્યાનો આજ
ઉદયકાળ થયો છે માનવભવનો આજ

લહેરાય છે વિજય પતાકા મહામૂલા જૈન ધર્મની
ફેલાશે રોશની તપની, થશે જયજયકાર ધર્મનો

ધન્ય થઈ છે ધરા આજે પૂર્વ ભારતની,
અમી વર્ષા વરસી રહી છે ગુરુકૃપાની,

'મનહર' વિતાવ્યું જીવન મોહમાયામાં,
નથી જોયું આવું અદભૂત દૃશ્ય ભૂતકાળમાં,

શતશત પ્રણામ છે હૃદયના ગુરુદેવ આપના ચરણોમાં,
અવસર અનેરો ઉજવાયો અમ કલકત્તામાં.

– મનહર જાગાણી : કલકત્તા



સુહાની સાંજીના સંયોજક શ્રી કેતનભાઈ કામદાર - ઈન્દ્રપ્રસ્થ પરિવાર

# મહાનગર કોલકત્તામાં
## તપસન્માન શોભાયાત્રા
## એવમ્ ભવ્ય પારણા મહોત્સવ

તપસ્વીઓની ભવ્ય તપ સન્માન શોભા યાત્રા, શોભાયાત્રાના લાભાર્થી શ્રી નવનીતભાઇ સંઘવીના નિવાસ સ્થાનેથી પૂ. ગુરુદેવશ્રીના આર્શીવાદ અને માંગલિક સાથે પ્રારંભ થઇ હતી. દેવ વિમાનના પ્રતિક જેવી ભવ્ય અને દિવ્ય બગીઓમાં તપસ્વીઓ, સમસ્ત કોલકત્તાના જૈન સંધો અને હજારો ભાવિકોથી શોભતી શોભાયાત્રાની શાન હતી પરમના પંથે પ્રયાણની અભિલાષી મુમુક્ષુ રિદ્ધિબેનની બગી અને કોલક્તાના રાજમાર્ગોને ગુંજવતો જય જયનો નાદ. !

શોભાયાત્રા શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભવન પાસેથી પસાર થતાં તપસ્વીઓની અનુમોદના કરવામાં આવી હતી.

દીક્ષાર્થી શ્રી રિદ્ધિબેન અવલાણીએ વર્ષીદાન કર્યું હતું.

શોભાયાત્રા તપસમ્રાટ પટાંગણ પહોંચતા સૌનું સ્નેહભર્યુ સ્વાગત કરતાં શ્રી ચંદુભાઇ માલાણીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ કોલકત્તા માટે અભૂતપર્વ દિવસ બનશે.

આ અવસરે પૂ. શ્રી યશોમતિબાઈ મ., પૂ. શ્રી દર્શનાબાઈ મ., પૂ. શ્રી સ્વાતિબાઈ મ., પૂ. શ્રી શૈલાબાઈ મ., આદિ ઠાણા તેમજ ગુજરાત, મુંબઈ, સૌરાષ્ટ્ર, રાજકોટ, ચેન્નઈ આદિ ક્ષેત્રોથી ભાવિકો અને ભક્તો પધાર્યા હતા.

ત્યાગ ચાહે સંસારનો હોય કે આહારનો... ભાવ ચાહે દીક્ષાના હોય કે તપના, સહેલું કાંઈ જ નથી, પણ જો સાથે દેવગુરુની કૃપા હોય તો અઘરૂં પણ જરાય નથી.

કોલકત્તાના પાંચે સંઘો તથા નવનિર્મિત પારસધામના પદાધિકારીઓએ ચાંદીના શ્રીફળ દ્વારા મુમુક્ષુ રિધ્ધિબેનનું સન્માન કર્યું હતું.





## પારણા મહોત્સવ... કે પ્રેરણા મહોત્સવ

તા. ૧૮/૧/૧૩ ભવ્ય તપ સન્માન શોભા યાત્રા બાદ ચતુર્વિધ સંઘ, સવાસોથી વધુ તપસ્વીઓ, સમસ્ત મુંબઇ અને બહારગામના સંઘો અને શ્રેષ્ઠીવર્યો, આમંત્રિત મહેમાનો અને મહાનુભાવો તથા ૯૦૦૦ થી વધુ ભાવિકોથી ખીચોખીચ ભરેલી ભવ્ય અને કલાત્મક પારણા નગરી... એક અનુપમ દૃશ્ય હતું.

સંઘ પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઇ મોદીએ સહુનું ભાવ ભર્યુ સ્વાગત કર્યું હતું જ્યારે શ્રી અશ્વિનભાઇ દેસાઇએ સર્વ તપસ્વીઓને શુભેચ્છા પાઠવી હતી.

રાજકોટના શ્રી ચંદ્રકાંતભાઇ શેઠે સર્વ તપસ્વીઓને ધન્યવાદ આપેલ.

ભલે તપસ્વીઓની ભાવનાનો સ્વીકાર કરી પૂ. ગુરુદેવશ્રીએ સહુને પારણા કરાવ્યાં પણ એમનું લક્ષ્ય તો એક જ હતું કે એક તપસ્વીના પારણા થાય અને એક વ્યક્તિની આરાધના શરૂ થાય. અને પૂ. ગુરુદેવની પ્રેરણાથી ઘણા ભાવિકો તૈયાર થયાં હતાં.

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ની તપયાત્રાને સ્મૃતિમાં લાવી પૂ. ગુરુદેવશ્રીએ જણાવ્યું હતું કે, 'તમે જે કરો તે બીજાને કરવાની પ્રેરણા કરો ત્યારે તેની અસર કંઇક અલગ જ હોય, અને તે કાર્ય સદાય નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય.' તપસમ્રાટ પૂ. ગુરુદેવની જન્મ શતાબ્દી ઉજવવાની ભાવનામાં ૧૦૦૮ વર્ષીતપ, દીક્ષા મહોત્સવ, તપસમ્રાટ સ્મૃતિ ગ્રંથ અને આગમ ઇંગ્લીશ અનુવાદના આયોજનો જાહેર થયાં ત્યારે ખબર પણ ન હતી કે આ બધું કેવી રીતે થશે ? પણ જ્યારે ગુરુની કૃપા હોય, પરમાત્માના આશીર્વાદ હોય ત્યારે કરવું કાંઇ ન પડે, બધું થવા લાગે.

બૃહદ મુંબઇ સ્થાનકવાસી જૈન મહાસંઘના પ્રમુખ શ્રી પ્રાણલાલભાઇ વેકરીવાળાએ કોલકત્તાવાસીઓના પ્રેમને વંદન કરી, તપસ્વીઓને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે કોલકત્તામાં પ્રથમ વખત જ આવું ભવ્ય અને વિશાળ આયોજન થયું છે, પૂ. ગુરુદેવશ્રીની ૧૦૮ સમણ-સમણીની ભાવનાને બિરદાવતાં એમણે જણાવ્યું હતું કે લુક એન લર્નના સહયોગથી મહાસંઘમાં હવે હજારો બાળકો દર વર્ષે શ્રેણીની પરીક્ષા આપશે.

આ અવસરે પૂ. ગુરુદેવની પાવન પ્રેરણાથી, શ્રી અતુલભાઇ હેમાણી અને શ્રી સંજયભાઇ શાહની ટીમના સહયોગથી, શૂન્યમાંથી સર્જન કરી સમાજને યોગદાન આપનાર આદર્શ વ્યક્તિઓ, સમાજમાં રહીને સંયમિત જીવન જીવનારા સાધકો અને સંઘર્ષ કરી સફળતાને વરેલા વિરલ વ્યક્તિઓના જીવન આધારિત ગ્રંથ- 'પ્રેરણાપુષ્પ'...સર્વના વિકાસ સાથે સ્વનો વિકાસનું વિમોચન શ્રી પ્રાણલાલભાઇ વેકરીવાળા, શ્રી હિતેશભાઇ કામદાર-ચેન્નઇ તથા ઉપસ્થિત સર્વ આદર્શ વ્યક્તિઓના હસ્તે કરવામાં આવ્યું હતું.

તપસ્વીઓના પારણાનો લાભ માતુશ્રી કાંતાબેન ભોગીલાલ ખારા હસ્તે શ્રી શરદભાઇ - શૈલેષભાઇ ખારા પરિવારે લીધો હતો. જ્યારે ''પારણા નગરી'' ને કલાત્મક બનાવવાનો લાભ શ્રી મીનાબેન દેસાઈએ લીધો હતો. પૂ. ગુરુદેવશ્રીએ સન્માન પત્ર દ્વારા તપસ્વીઓના તપનું સન્માન કર્યુ હતું જ્યારે શ્રી હિતેશભાઈ કામદારે ચાંદીના કળશથી અને શ્રી હર્ષદભાઈ અજમેરાએ ચાંદીના સિક્કાથી તપસ્વીઓની અનુમોદના કરી હતી. એકની પ્રેરણા અને અનેકોના સહકારથી પારણા મહોત્સવ અવિસ્મરણીય અને ઐતિહાસિક બન્યો હતો.















વધુ એક પોઝીટીવ એનર્જીનું પાવર હાઉસ

# પાવનધામ

## ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ

**પારસધામ - ઘાટકોપર, પાવનધામ - કાંદિવલી, પાવનધામ - વડોદરા, પારસધામ - કોલકત્તા અને હવે...**

**શ્રી હાવડા સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત**

**માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી**

# PAWANDHAM

## ઉદ્‌ઘાટન સમારોહ

**પાવન સાંનિધ્ય : રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**

તા. 10/02/2013 - રવિવાર, સમય: સવારે 9:30 કલાકે.

પૂર્વ ભારતના કોલકત્તા મહાનગરના પ્રવેશ દ્વાર સમા હાવડા નગરનાં પ્રાંગણે ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય ગુરુદેવ શ્રી જયંતમુનિજી મ.સા. ના આશીર્વાદ અને ત્રણ વર્ષ પહેલાં પધારેલાં રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ની પ્રેરણા અને કૃપાથી એવમ્ મુખ્યદાતા ઉદાર દિલા ધર્મવત્સલ શ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવારના સહયોગથી સર્જાયેલા પાવનધામ પરમાત્મન્ ભક્તિ સંકુલનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે.

## સંયમ શુભેચ્છા સમારોહ

યોગાનુયોગ રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ની 22 મી દીક્ષા જયંતિનો શુભ અવસર પણ 10/02/2013 ના શુભ દિને આવતો હોવાથી સંયમ શુભેચ્છા સમારોહનું પણ આયોજન રાખવામાં આવેલ છે.

**સમારોહ સ્થળ:** વિવેક વિહાર, ફોરસોર રોડ, ફેસ ૫, હાવડા.



## પેટરબારમાં અનુમોદના મહોત્સવ

પૂર્વ ભારતના પેટરબારની પુણ્યધરા પર તપસ્વી પૂજ્ય શ્રી જગજીવનજીં મહારાજ ચક્ષુ ચિકિત્સાલયના પાવન પ્રાંગણે ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય ગુરુદેવ શ્રી જયંતમુનિજી મ.સા., સેવાભાવી પૂ. શ્રી અરૂણમુનિ મ.સા., પૂ. શ્રી સુરેશમુનિ મ.સા. તથા **રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** ના પાવન સાંનિધ્યમાં વર્ષીતપ આરાધકોના પારણા મહોત્સવ એવમ્ અનુમોદના મહોત્સવનું ભવ્ય આયોજન તા. 24/2/2013 ના રોજ રાખવામાં આવેલ છે.

# સદ્ગુરુના સાંનિધ્યે સાધનાનો ત્રિવેણી સંગમ

## શ્રી યંત્ર પૂજન, મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પૂજન
## સંકલ્પ સિધ્ધિદાયક સિધ્ધ પીઠિકાની સ્થાપના



રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ના પાવન સાંનિધ્યમાં, રવિવારના શુભ યોગમાં, હૃદય શુધ્ધિ, આત્મ શુધ્ધિ અને સંકલ્પ સિધ્ધિ અપાવતી ત્રણ પ્રકારની સાધનાની અનન્ય અનુભૂતિથી ઉપસ્થિત વિશાળ સમુદાયની આંખોમાં ભક્તિની ભિનાશ જણાતી હતી.

પરમાત્મન્ ભક્તિ દ્વારા ભાવોનું પરિવર્તન કરાવતી સાધના અને મંત્રોચ્ચારનું મહત્ત્વ સમજાવતાં યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રીએ જણાવ્યું હતું કે પદાર્થને શુધ્ધ કરવા પદાર્થની જરૂર પડે જ્યારે આત્માને શુધ્ધ કરવા સિધ્ધ પુરુષોના શુભ વાઇબ્રેશન્સ્ અને પાવન સ્પંદનોની અનુભૂતિની જરૂર પડે. મંત્રોચ્ચારના લયમાં જે લીન અને તલ્લીન બને, એના આસ્વાદને જે અનુભવે તેને જ સમજાય કે તેનું ફળ અનન્ય હોય. મંત્રો આપણી ગ્રંથીને એકટીવેટ કરી પોઝીટીવ એનર્જી ક્રિએટ કરે છે.

રીચી પાર્કના વિશાળ અને ભવ્ય તપસમ્રાટ પટાંગણમાં શ્રી યંત્ર પૂજનના પ્રારંભે પૂ. ગુરુદેવશ્રીએ સમજ આપી હતી કે શ્રી એટલે માત્ર સંપત્તિ નહીં... શ્રી ની સમૃધ્ધિ વ્યક્તિના નયનમાં, વચનમાં, હૃદયમાં, હસ્તમાં અને ચરણમાં પણ હોય છે. શ્રી ની આરાધના કરનાર વ્યક્તિના નયનમાંથી વાત્સલ્ય નીતરતું હોય, એના વચનમાં સિધ્ધિ હોય, એના




સિધ્ધપીઠિકાના લાભાર્થી શ્રી હિતેશભાઇ કામદાર પરિવાર

હૃદયમાં પ્રેમનો મહાસાગર હોય, એના હસ્તમાં શુભ અને પોઝીટીવ વાઇબ્રેશન્સ્ હોય અને એના ચરણમાં ચક્રવર્તીની સમૃધ્ધિ હોય.

હજારો લોકોએ જેમના સાક્ષાત્કારનો અનુભવ કર્યો છે એવા મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના દિવ્ય ધ્વનીનો બ્રહ્મનાદ જ્યારે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના ઉપાસક યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી મુખેથી ગુંજતા વાતાવરણમાં અનેરી દિવ્યતા વ્યાપી ગઇ હતી. પરમાત્માની ભક્તિ દ્વારા નેગેટીવીટી દૂર થઇ હળવાશનો અહેસાસ થતો હતો.

ત્રીજી સાધના એટલે પારસધામના હાર્ટ સમાન પરમાત્મા પાર્શ્વનાથની સર્વ સંકલ્પ સિધ્ધિદાયક સિધ્ધ પીઠિકાની સ્થાપના...!!!

મુંબઈ પારસધામ, પાવનધામ, રાજકોટ, વડોદરા, જલગાંવ અને ચેન્નઇના હજારો લોકોએ જ્યાં શ્રધ્ધાથી ભક્તિ કરી, હૃદયની વિશુધ્ધિ અને કાર્યોની સિધ્ધિ પ્રાપ્ત કરી છે એવી જ સંકલ્પ સિધ્ધિદાયક સિધ્ધ પીઠિકાની સ્થાપના પારસધામ - કોલકત્તામાં થતાં એની અનાવરણ વિધિ લાભાર્થી શ્રી હિતેશભાઇ કામદાર - ચેન્નઇના હસ્તે કરવામાં આવી હતી.

સિધ્ધ પીઠિકાની અનાવરણ વિધી થતાં જ પરમાત્મા પાર્શ્વનાથ ઉવસગ્ગહર સ્તોત્ર પટના દર્શન... એક અલૌકિક અને અનુપમ દશ્ય હતું. ઉપસ્થિત વિશાળ સમુદાય જ્યારે પરમાત્માના દર્શનનું અંજન કરતાં હતાં ત્યારે યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રીની આંખોમાં અહોભાવ અને ઉપકારભાવના અશ્રુ બિંદુઓ છલકતાં હતાં. હૃદયમાં પરમાત્માને કંઇક અર્પણ... કંઇક સમર્પણ કર્યાનો આનંદ અને આત્મ સંતોષ હતો જ્યારે હોઠો પર એમની ભક્તિ યાત્રામાં સહયોગી બનનાર પ્રત્યે ઉપકાર ભાવ વ્યક્ત થતો હતો.

તમે જ્યારે તમારા સુખમાં દુનિયાને ભાગીદાર બનાવો છો, ત્યારે તમારા દુ:ખમાં ભગવાન તમારા ભાગીદાર બની જાય છે.

આ ભાવો સાથે પૂ. ગુરુદેવશ્રીએ શ્રી હર્ષદભાઇ અજમેરાએ મંગલ કુંભ લીધો હતો તે રકમ અનશન આરાધક પૂજ્ય શ્રી જગજીવનજી મ.સા.ની ૪૫મી પુણ્યસ્મૃતિ અવસરે ''અપના આશિયાના'' પ્રોજેક્ટમાં વાપરવાની પ્રેરણા કરી હતી. આ યોજનામાં કોલકત્તામાં વસતા વૃધ્ધજનો માટે વૃધ્ધાશ્રમની વ્યવસ્થા ગોઠવાયેલ છે. જ્યારે શ્રી ઉવસગ્ગહર યંત્રનો લાભ શ્રી શાહ પરિવારે લીધો હતો, જે રકમ લુક એન લર્ન જૈન જ્ઞાનધામના વિકાસ અર્થે વાપરવામાં આવશે. શ્રી પ્રફુલ્લભાઇ મોદી એવમ્ શ્રી જયંતિભાઇ વોરા પરિવાર આયોજીત સ્વામી વાત્સલ્યનો લાભ સહુએ લીધો હતો.

**શ્રી એટલે માત્ર સંપત્તિ નહીં...**
**શ્રી ની સમૃધ્ધિ**
**વ્યક્તિના નયનમાં,**
**વચનમાં, હૃદયમાં,**
**હસ્તમાં અને**
**ચરણમાં પણ હોય છે.**


મંગલ કુંભના લાભાર્થી શ્રી હર્ષદભાઇ અજમેરા


શ્રી ઉવસગ્ગહર પટની રચના કરનાર શ્રી નિરાલી દીદીનું સન્માન કરતાં પૂ. ગુરુદેવ


શ્રી યંત્રના લાભાર્થી શ્રી મિલીનભાઇ અને નિકેશભાઇ શાહ પરિવાર



# પ્રદર્શન... એક અદ્‌ભૂત દર્શન...!



એકઝિબિશન ઉદ્‌ઘાટન કરતા શ્રી ચંદુભાઇ માલાણી, શ્રી જયંતિભાઇ વોરા, શ્રી જશવીરભાઇ શેઠ અને શ્રી હિતેશભાઇ કામદાર




રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની પાવન પ્રેરણાથી મહાનગર કોલકત્તામાં માનવતાના મૂલ્યોનું દર્શન કરાવતા એક અદ્‌ભૂત **આગમ પ્રદર્શન** નું આયોજન સમસ્ત કોલકત્તાના જૈન સંઘોના ઉપક્રમે કરવામાં આવેલ. રીચી પાર્કના વિશાળ ગ્રાઉન્ડ પર ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ- જૈન આગમના સિધ્ધાંતો આધારિત ત્રિદિવસીય આગમ પ્રદર્શનને કોલકત્તાના હજારો ગુજરાતી, મારવાડી અને બંગાળી લોકોએ ન માત્ર જોયું પણ એની ભવ્યતા અને દિવ્યતાને પણ આશ્ચર્યચક્તિ ભાવો સાથે માણ્યું.

વિશાળકાય પ્રોજેક્ટસ્, થ્રી ડી અને ટુ ડી મોડેલ્સ, ચાર્ટસ અને સુંદર સજાવટ સાથે લુક એન લર્ન જૈન જ્ઞાનધામના બાળકો, દીદીઓ દ્વારા અપાતી સુંદર અને સહજ શૈલીમાં સમજ આગમ પ્રદર્શનની શાન હતાં. મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી ચાર ગતિના ચાર દ્વાર આકર્ષણનું કેન્દ્ર હતાં. લેશ્યા, કષાય, સંવર, ૧૫ કર્માદાન અને અનેકાંતવાદ ઉપર સ્કીટ તૈયાર કરવામાં આવી હતી જ્યારે **ભગવાન મહાવીર એક મહાન વૈજ્ઞાનિક, ઇ**કો ફ્રેન્ડલી, ગ્લોબલ વાર્મિંગ, લો ઓફ એટ્રેકશનસ, મારા સદ્‌ગુરુ ! આદિ વિષયો પર પ્રેરણાત્મક દૃષ્ટિબોધ આપતાં મહાકાય પ્રોજેક્ટસ્ સહુને એ તરફ પ્રેરિત કરતાં હતાં. વ્યસનના પરિણામની વાસ્તવિક્તા દર્શાવતી ડોક્યુમેન્ટ્રી ફિલ્મને જોઇ લગભગ દરેક વ્યક્તિ વ્યસન મુક્તિના સંકલ્પ સાથે ઓડિયો વિઝયુઅલ રૂમની બહાર નીકળતી, એ જ પૂ. ગુરુદેવ શ્રીની બધાંને વ્યસન મુક્ત કરવાની શુભ ભાવનાની સફળતા હતી. ભગવાન મહાવીરના ૨૭ ભવોની ભૂલાય નહીં તેવી ઘટનાઓ, ત્રિકાળ જ્ઞાની પરમાત્માનો પરિચય કરાવતી હતી અને સામાન્ય સુથારથી સર્વજ્ઞ મહાવીર કેવી રીતે બનાય તેનું દિવ્ય દર્શન કરાવતી હતી. શ્રી જ્ઞાતાધર્મ કથા સૂત્ર, શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર, મેઘ કુમાર આદિ આગમ આધારિત દૃશ્યો સહુના હૃદયમાં જિજ્ઞાસા જાગૃત કરતાં હતાં. જ્ઞાનવર્ધક અને જિજ્ઞાસા પ્રેરક સાધનાનું સ્થાન એટલે આગમ જ્ઞાન પરબ એમાંથી પીવાય એટલું જ્ઞાનનું જળ પીવો અને પાવન બનો.

મનોરંજન માટેની વિવિધ ગેઇમ્સ ભલે મનોરંજન

આપતી હતી પણ કરાવતી હતી મનોમંથન...!! ગેઇમ્સ હતી શોધો તમારા પરમાત્માને, HIT THE SINS પાપોનો ક્ષય કરો. climb your destination લક્ષ્ય સુધી પહોંચવા પુરુષાર્થ કરો. SAVE YOUR SOUL તમારા આત્માને અવગુણોથી અને કષાયોના દુષણોથી બચાવો..! નાના ભૂલકાઓને તો જમ્પીંગ જેકમાં અને જુદા જુદા પ્રકારના આધ્યાત્મિક ટેટુ ચીતરાવવામાં મઝા આવતી હતી.

આ ઉપરાંત પૂ. ગુરુદેવ શ્રીના મિશન્સની સમજ આપતાં આકર્ષક સ્ટોલ્સ અને પૂ. ગુરુદેવ શ્રીની મૌલિક અને પ્રભાવક જ્ઞાનવાણીની ડી.વી.ડી અને પુસ્તકોની વિશાળ સંખ્યાના
















સ્પીરીચ્યુઅલ સ્ટોલ પરની ભીડ માનવીની જ્ઞાન પ્રાપ્તિની તડપનું દર્શન કરાવતી હતી.

મહેનતનું આનાથી બીજું કોઇ ઓપ્શન હોય જ નહીં. જેટલો ભોગ અપાય એટલી ભવ્યતા સર્જાય. આગમ પ્રદર્શનની ભવ્યતા જ દર્શાવે છે કે આની પાછળ અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન (બડા બજાર), ચંદના સ્વાધ્યાય મંદિર, ગુરુ સ્પંદન, ભક્તિ ગ્રુપ અને ગુરુભક્તોની રાત-દિવસની કેટલી મહેનત છે...!!

આ ભવ્ય આગમ પ્રદર્શનનું ઉદ્દઘાટન ચેન્નઇના શ્રી હિતેશભાઇ કામદાર એવમ્ સમસ્ત કોલકત્તા સ્થાનકવાસી જૈન સંઘોના પ્રમુખોના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

અધ્યાત્મનું અનેરું અને અદ્દભૂત દર્શન કરાવતા ભવ્ય આગમ પ્રદર્શનને અદ્દભૂત પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

# Divine Nite 2012

## માનવ સેવા, જીવદયા અને સમર્પણતાનો ભકિત સભર સમન્વય

દિવ્ય આત્માની પાવન ઉપસ્થિતિમાં દિવ્ય વાતાવરણમાં પરમાત્માના પ્રકાશમાં લઇ જવા, આવનારા ભવિષ્યને અલગ અહેસાસની અનુભૂતિ સાથે સુધારવાના લક્ષ્ય સાથે આયોજિત ‘‘ડીવાઇન નાઇટ-૨૦૧૨’’ ને કડકડતી ઠંડીમાં, રીચી પાર્કના વિશાળ ગ્રાઉન્ડમાં હજારો ભાવિકો, બાળકો અને યંગસ્ટર્સે માનવ સેવા, જીવદયા, સમર્પણતા અને ભક્તિના ભાવો સાથે ઉજવ્યો... શ્રધ્ધાના પુષ્પોથી વધાવ્યો.

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની યંગસ્ટર્સને સત્યની રાહ બતાવતા અને સર્વનું જીવન દીપકની જ્યોતની જેમ સ્વયં પ્રકાશિત રહે અને અન્યને પ્રકાશ આપે એવી પ્રેરણાથી... એમનાં પાવન અને પોઝીટીવ સાંનિધ્યમાં ઉજવાયેલ ‘‘ડીવાઇન નાઈટ-૨૦૧૨’’ ને જબરદસ્ત પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમના શુભારંભ પહેલાં જ પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણાથી કોલકત્તાની કડકડતી ઠંડીમાં ધ્રૂજતા નિરાશ્રિતોને ચેન્નઇના ખંધાર પરિવાર તરફથી બ્લેન્કેટ અને અનાથાશ્રમના બાળકોને ગીફ્ટ આપવામાં આવી હતી અને સવા લાખથી વધુ રકમ જીવદયાના સત્કાર્યમાં વાપરવામાં આવી હતી.

આ અવસરે લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, ચંદના સ્વાધ્યાય મંદિર, અર્હમ યુવા ગ્રુપ કોલકત્તા અને મુંબઇ, સાધક આત્માઓ, ગુરુ સ્પંદન ગ્રુપ અને ગુરુભકતો દ્વારા પ્રેરણાત્મક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને ડીવાઇન નાઇટ સાચા અર્થમાં ડીવાઇન બની ગઇ હતી.

કોલકત્તામાં નવ નિર્માણ પામી રહેલા પારસધામમાં સિધ્ધ-પીઠિકાની સ્થાપ્નાની પૂ. ગુરુદેવની પ્રેરણા થતાં ચેન્નઇના ગુરુભકત શ્રી હિતેશભાઈ ભોગીલાલ કામદારે કરોડનું અનુદાન જાહેર કરતાં હર્ષનાદથી વાતાવરણ ગુંજી ઊઠયું હતું.

જ્યારે નાના નાના બાળકોએ પૂ. ગુરુદેવ પાસે જીદ ન કરવાનો, ગરીબોને મદદ કરવાનો, સારા કાર્ય કરવાનો અને પોતાની પાસે જે છે તેનો સદુપયોગ કરવાનો સંકલ્પ ર્ક્યો ત્યારે પૂ. ગુરુદેવે સમજાવ્યું હતું કે, આપણા સુખમાં જ્યારે આપણે બીજાને ભાગીદાર બનાવીએ છીએ ત્યારે આપણું સુખ ઘટતું નથી અને બીજાનું સુખ વધ્યા વિના રહેતું નથી.

આ અવસરે કોલકત્તાના શ્રી દેબાશિષજી કુમાર, શ્રી સચિતાનંદજી બેનર્જી, શ્રી સપનાદાસજી, શ્રી કૃષ્ણાનંદીજી, શ્રી કાર્તિકજી બેનર્જી આદિ પૂ. ગુરુદેવશ્રીના આશીર્વાદ લેવા પધાર્યા હતાં.

કાર્યક્રમનુ સંચાલન શ્રી સંજયભાઈ શાહે ર્ક્યું હતું.



કડકડતી ઠંડીમાં ચેન્નઈના ખંધાર પરિવાર તરફથી નિરાશ્રિતોને ગરમ બ્લેન્કેટનું વિતરણ ...



પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ લેવા પધારેલાં મહાનગર કોલકત્તાના કાઉન્સેલર્સ...

# ડીવાઈન નાઈટને સાચા અર્થમાં ડીવાઈન બનાવતી યાદગાર પ્રસ્તુતિ

















૧. મહા પ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની મુદ્રા નૃત્ય દ્વારા અદ્દભૂત પ્રસ્તુતિ. ૨. સરગમના સૂરો દ્વારા સહુનું સ્વાગત કરતાં લુક એન લર્નના બાળકો. ૩. ચાઇલ્ડ લેબર અને અત્યાચાર વિરુધ્ધ બાળકોનો આક્રોશ. ૪. ગુરુ પ્રેમની અભિવ્યક્તિ. પૂ. ગુરુદેવ કા સાથ મિલા, સારા જહઁા રોશન હો ગયા. ૫. નવા વર્ષનું સ્વાગત સ્ટેજ પર અનાથ આશ્રમના બાળકોને ગીફ્ટ આપી ઉજવ્યું. ૬. પાંચ તત્ત્વ અને આત્મસાધનાની શક્તિ- નેચર ડાન્સ. ૭. સંસારનું સાચું સ્વરૂપ સમજાતા લાઇફમાં આવતો યુ-ટર્ન. ૮. સાધક જીવનથી પ્રાપ્ત પરમ સુખ, શાંતિ અને સમાધિનો અહેસાસ. ૯. માનવ સેવા અને જીવદયાના સત્કાર્યો થી મળતો સંતોષ- શેડો ડાન્સ. ૧૦. ગુરુ સ્પંદન દ્વારા ભક્તિથી ભવ્ય બન્યું વાતાવરણ.



# ગુરુવર ! તુમ સામને હો મેરે... ઔર પ્રાણ નીકલ જાયે... !

મનમાં ભાવના હોય કે, મૃત્યુ સમયે પૂજ્ય ગુરુવર સામે હોય તો... ? ? અને એવું જ બને તો... ? ?

હા, એવું જ બન્યું તા.૧૦ /૧/૧૩ ના કોલકત્તાના શ્રી કામાણી જૈન ભવનના ઉપાશ્રયમાં **રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** ના સાંનિધ્યમાં... !

શ્રધ્ધાથી વધારે શ્રેષ્ઠ બીજું કાંઈ ન હોય અને ભક્તિથી વધારે જીવનને સફળ કરનારું બીજું કોઈ તત્ત્વ ન હોય.

એક શિષ્ય... એક ભક્ત જ્યારે એક સક્ષમ ગુરુના ચરણ અને શરણમાં સમર્પિત થાય છે ત્યારે તેના ન માત્ર જીવનને પણ તેના મૃત્યુને સુધારવાની જવાબદારી પણ 'ગુરુ'ની થઈ જાય છે.

'ગુરુ' એ જ બની શકે જે શિષ્યના જીવનને પણ સુધારે અને મૃત્યુને પણ સુધારે... આ ભવને પણ સુધારે અને ભવોભવને પણ સુધારે, જીવન અને મૃત્યુ એ જ સુધારી શકે જે એના શિષ્યના ન માત્ર વર્તમાનને જોતાં હોય પણ એના ભૂતકાળને પણ જોઈ શકે અને ભવિષ્યકાળને પણ જોઈ શકે.

ઘણાના મનમાં પ્રશ્ન થતો હશે કે, ગુરુ એ સમયે પ્રત્યક્ષ હાજર ન હોય તો... ? ? ?

જ્યારે ગુરુ પ્રત્યક્ષ ન હોય ત્યારે ગુરુ એમની સાધના શક્તિના બળે કોઈ પણ સ્વરૂપે હાજર થઈ શકે. સ્થૂળ દેહે શકય ન હોય ત્યાં સૂક્ષ્મ દેહે પણ પહોંચી જાય, એમને જ 'ગુરુ' કહેવાય.

કચ્છી પરિવારના રાજુલબેન ખોના છેલ્લા પાંચ વર્ષથી પૂ. ગુરુદેવના ચરણ અને શરણમાં... મૌન ભાવે... નિ:સ્વાર્થ ભાવે... હસતાં ચહેરે અને ખૂબ જ પ્રેમથી ગુરુદેવની સેવા અને ભક્તિ કરે. ઘરમાં પતિ, દીકરો, વહુ, દીકરી, જમાઈ અને પૌત્ર બધાં... બધાં માટે સંબંધથી સર્જાયેલો પ્રેમ પણ ગુરુદેવ માટે હૃદયથી અને આત્માથી પ્રેમ... જે ગુરુદેવને ગમે તે તેમને ગમે.

પોતે તો પૂ. ગુરુદેવને સમર્પિત પણ ઘરના દરેક પૂ. ગુરુદેવને સમર્પિત અને પૂ. ગુરુદેવના કોઈને કોઈ મિશન્સમાં જોડાયેલાં.

પાંચ વર્ષ પહેલાં... એક દિવસ એમના પતિ ગુલાબભાઈ ગુરુદેવ પાસે રીપોર્ટસ્ લઈને આવ્યાં. રીપોર્ટસ્ રાજુલબેનના હતાં અને એમાં કેન્સર ડીટેકટ થયું હતું. પૂ. ગુરુદેવે એક ક્ષણ માટે આંખો બંધ કરી અને જાણે આખું દૃશ્ય જોઈ લીધું હોય તેમ ગુલાબભાઈને કહ્યું જે છે તે છે, આ વાત રાજુલબેનને કહેવી નથી.

કોઈ દવા નહીં... કોઈ ટ્રીટમેન્ટ નહીં... કોઈ વેદના નહીં... કોઈ માનસિક ટેન્શન નહીં. એમને એમની નોર્મલ લાઈફ જીવવા દયો.

અને ગુલાબભાઈએ જી, ગુરુદેવ ! એટલું જ કહી... ગુરુ આજ્ઞા શિરોમાન્ય કરી. રાજુલબેન તો બધી વાતથી અજાણ એમની જીંદગી જીવે છે. ગુરુદેવની સેવા-ભક્તિ કરે છે અને એમાં ખૂબ જ ખુશ છે. ગુરુદેવ જ્યાં જાય ત્યાં સાથે જાય. વિહારમાં પણ સાથે અને ચાતુર્માસમાં પણ સાથે... ન માત્ર પૂ. ગુરુદેવની ભક્તિ કરે પણ બધાં જ દીદીઓનું પણ એટલું જ ધ્યાન રાખે. કોણ જમ્યું, કોણ ન જમ્યું, કોને માથુ દુ:ખે છે, કોને તાવ આવ્યો છે, શરદી થઈ છે તો બામ ઘસી દે છે, અને દીદીઓ પણ પ્રેમથી એમને 'દાદી' જ કહે અને દાદી પણ દીદીઓને લાડ લડાવે અને જ્યારે ફ્રી હોય ત્યારે માળા અથવા શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપ કરે એ પણ એટલાં જ પ્રેમથી અને ભાવથી... ! !

સમય પસાર થતો જાય છે. ગુલાબભાઈ વિચારે છે, ડૉકટરે તો ફકત દોઢ-બે વર્ષ જ કહ્યાં હતાં અને ત્રણ વર્ષ પૂરા થઈ ગયાં અને રાજુલ તો એટલી જ સ્વસ્થ અને પ્રસન્ન છે... ! !

હા, એ પૂ. ગુરુદેવની સાધનાની શક્તિ અને એમના પોઝીટીવ વાઈબ્રેશન્સ હતા. એમાં રાજુલબેનની શ્રધ્ધા અને નિ:સ્વાર્થ સેવા ભળતાં એની અસર વધારે પાવરફુલ થતી. ભલે પૂ. ગુરુદેવ મહિનાઓ સુધી એમની સામે ન જુએ કે ન બોલાવે. પણ એમની થર્ડ આય દ્વારા એ સતત એમને જોતાં હતાં, એમનું ધ્યાન રાખતા હતાં.

ગુલાબભાઈ અને પરિવારજનોને એમ જ લાગતું હતું કે રાજુલબેનનું જીવન સુધરી ગયું અને રાજુલબેનને તો ગુરુદેવના શરણમાં, ગુરુદેવના સાંનિધ્યમાં... ગુરુદેવની ભક્તિ કરતાં કરતાં એમ જ લાગતું હતું કે એનો ભવ ન માત્ર સુધરી ગયો પણ સાર્થક પણ થઈ ગયો.

એ હંમેશાં એમની દીકરીને કહેતાં. હું તો જઈશ ત્યારે પણ ગુરુદેવના શરણમાંથી જઈશ, એમના દર્શન કરતાં કરતાં જ જઈશ.

સમર્પણ ભાવે સેવા અને સાધના કરતાં કરતાં સમય ક્યાં પસાર થઈ ગયો ખબર જ ન પડી. પાંચ વર્ષ થઈ ગયાં અને કોલકત્તાના શ્રી કામાણી જૈન ભવનમાં સવારે ઉઠયાં... કાનમાં ઈયર ફોન લગાવી ગુરુભક્તિ સ્તવન સાંભળતા સાંભળતા કીચનમાં બધાં માટે ગરમ પાણી મૂક્યું. ત્યાં પેટમાં જરાક દુખવા લાગ્યું, એક વોમિટ થઈ. બધાં દીદીઓ એમને શાતા પમાડવાના પ્રયત્ન કરવા લાગ્યાં.

આ બાજુ પૂ. ગુરુદેવનું પ્રવચન ચાલે છે. શરીરમાં થોડી તકલીફ છે, પણ ચહેરા પર કોઈ અકળામણ કે વેદનાની ફરિયાદ નથી. કાનમાં પૂ. ગુરુદેવની વાણી સંભળાય છે, જીવ એમાં પરોવી દીધો છે.

પૂ. ગુરુદેવનું પ્રવચન પૂરું થયું. પૂ. ગુરુદેવ એમના કાર્ય અર્થે એમના રૂમમાં ગયાં ત્યાં મેસજ આવ્યો... 'દાદીની તબિયત બરાબર નથી.' પૂ. ગુરુદેવ નીચે આવ્યાં. તે સમયે ૧૧ : ૨૨ મિનિટ થઈ હતી. એની એક મિનિટ પહેલાં જ એમણે એક દીદીને કહ્યું, મને તમારા જેવું માથાબંધ પહેરાવી ધ્યો. મને સાધ્વીજી જેવા કપડાં પહેરાવી ધ્યો.

પૂ. ગુરુદેવ એમની પાસે ગયાં. પૂછયું, 'કેમ છે માડી ?' ત્યાં જ પૂ. ગુરુદેવને સીકસ્થ સેન્સથી સંકેત મળી ગયો અને પૂછયું... ''માંગલિક સંભળાવું ?'' અને એમણે સ્મિત સાથે હકારમાં માથુ હલાવી બે હાથ જોડયાં. સંપૂર્ણ સભાન અવસ્થામાં વાત કરી... મને પેટમાં દુ:ખે છે.

# હૃદયાંજલિ



## મૂક સેવાભાવી શ્રી રાજુલબેન ફોના

પ્રસન્નભાવે પૂ. ગુરુદેવ સામે જોયું. પૂ. ગુરુદેવે નમસ્કાર મંત્ર અને માંગલિક ફરમાવ્યું. જેમ જેમ માંગલિકના શબ્દો... ચત્તારિ શરણં પવજ્જામિ... અરિહંતે શરણં પવજ્જામિ... સંભળાતા ગયા, એમના ચહેરા પર એક અનેરી પ્રસન્નતા... અનેરી શાંતિ... અનેરો સંતોષ છવાતાં ગયાં... જાણે કે પોતાની બધી ઈચ્છા પૂરી થઈ ગઈ. પોતાના બધાં ભાવ પૂરા થઈ ગયાં...

આંખોની સામે પૂ. ગુરુદેવ, કાનોમાં પૂ. ગુરુદેવની વાણી અને એ પણ માંગલિક... હવે પ્રાણ જાય તો પણ કોઈ પરવા નથી...!!

પૂજ્ય ગુરુદેવ... એક એક ક્ષણને જાણી રહ્યાં હતાં... ડૉક્ટરને તો બોલાવ્યાં જ હતાં. છતાં પૂ. ગુરુદેવથી રહેવાયું નહીં અને એમના મુખમાંથી શબ્દો નીકળ્યાં. ''સંથારો કરાવી દઉં ?''

જાણે ગુરુદેવે પોતાના મનની વાત જાણી લીધી. હમણાં જ તો દીદીને કહ્યું મને સાધ્વીજીના વસ્ત્રો પહેરવા છે અને ત્રણ દિવસ પહેલાં પૂ. મહાસતીજીને કહ્યું, આવા પાત્રા મારા સદ્ભાગ્યમાં ક્યાં ? ગુરુદેવ જો મને દીક્ષા આપે તો મારે પણ દીક્ષા લેવી છે...!!

જેવા પૂ. ગુરુદેવના મુખમાંથી શબ્દો નીકળ્યાં. ''સંથારો કરાવી દઉં ?'' ચહેરો પ્રસન્નતાથી ખીલી ઉઠયો... અને માથું હલાવી 'હા' પાડી. પૂ. ગુરુદેવ એક મિનિટ વિચારવા લાગ્યા. પૂ. ગુરુદેવની દૃષ્ટિ રાજુલબેન તરફ છે. રાજુલબેન એમના દર્શન કરી રહ્યાં છે. હાથ જોડાયેલા છે ત્યાં જ એમનો પહેલો શ્વાસ બહાર નીકળ્યો અને મોઢું જરાક ખુલ્યું... બીજો જોરદાર શ્વાસ બહાર નીકળ્યો અને મોઢું વધારે ખુલ્યું... એક મિનિટ પૂરી પણ નથી થઈ ત્યાં જ... ત્રીજો શ્વાસ અને ત્યાં ઉભેલાં બધાંની સામે... આંખો સ્થિર થઈ ગઈ... હૃદય સ્થિર થઈ ગયું.

''તુમ સામને હો ઔર મેરે પ્રાણ નીકલ જાયે.''

ભાવ પૂરા થઈ ગયાં. ગુરુના શરણમાં... ગુરુના દર્શન કરતાં કરતાં ગુરુમુખે માંગલિકનું શ્રવણ કરતાં કરતાં... પ્રાણ નીકળી ગયાં...!!

આંખો જાણે કહેતી હતી... ગુરુદેવ ! આપનાથી દૂર જવું નથી. આપનાથી જૂદું પડવું નથી, પણ વિયોગ છે... વિદાયની ક્ષણ આવી ગઈ છે... પણ... એક સંતોષ છે, આત્મ સંતોષ છે... આંખ મિંચાય એ પહેલાં મારા 'ગુરુ' મારા સર્વસ્વ મારી આંખો સામે છે. મારી આંખોમાં સમાઈ રહ્યાં છે...

પ્રયાણની ક્ષણે પરમ સંતોષ અને પરમ પ્રસન્નતા...!! આવા સદ્ભાગ્ય... પરમ સદ્ભાગ્ય તો કોઈક ને જ મળે.

જીવનભરની શ્રધ્ધા અને જીવનભરની સેવા જ્યારે ફળે છે,
ત્યારે જ આવી અસીમ ગુરુકૃપાના પાત્રવાન બનાય છે.

વિદાય તો દરેકની નક્કી જ છે. વિદાયને તો બદલી શક્તાં નથી પણ વિદાય કેવી લેવી એ બદલી શકાય છે. એ આપણા જ હાથમાં છે.

ગુલાબભાઈને પણ જીવન સંગીની ગુમાવ્યાનો ગમ છે, પણ સાથે એક આત્મ સંતોષ પણ છે. પાંચ વર્ષ પહેલાં હૃદયથી ગુરુદેવની વાત માની... ગુરુના સંકેતને સમજી લીધો તો રાજુલનું જીવન તો સુધરી જ ગયું પણ એનું મૃત્યુ પણ સુધરી ગયું. એને સદ્ગતિ મળી. એ સમયે જો મગજ વાપર્યું હોત તો? ડૉક્ટરની દવા અને ટ્રીટમેન્ટ કરાવી હોત તો...?? તો કદાચ રાજુલ અત્યારે હોસ્પિટલમાં હોત. ચારે તરફ ડૉક્ટરો, નર્સ, નળીઓ, વેદના, પીડા શું ન હોત?? અને કદાચ આ પાંચ વર્ષ પણ ન મળ્યા હોત...!!! આ તો ગુરુદેવની કૃપા કે પાંચ વર્ષ પ્રસન્નતાથી... એની ઈચ્છા મુજબ સેવા અને સાધના કરતાં કરતાં જીવી...!

જ્યાં શ્રધ્ધા અને સમર્પણતા હોય છે ત્યાં ગુરુના પ્રત્યેક વચન સ્વીકાર્ય હોય છે.

જેને સંસારમાં સર્વ સુખ હોવા છતાં પણ ગુરુ શરણમાં સુખ લાગે તેને વિદાય પછી પણ દેવલોક કરતાં દેવાધિદેવના શરણમાં અને સમવશરણમાં જ સુખ લાગે.

એમનો આત્મા પરમાત્માના ચરણ અને શરણને પામી પરમની યાત્રા કરતાં કરતાં પરમ પદને પ્રાપ્ત કરે એ જ ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ...!!

*સાચો શિષ્ય સદાય ગુરુના ચરણમાં પોતાની ચરમ ક્ષણને ઇચ્છે છે*
*પણ રાજુલબેન જેવા સદ્ભાગીને જ એવી ક્ષણો મળે છે.*
*એમનાં દરેક શ્વાસમાં શ્રધ્ધા... એમના દરેક ભાવમાં સમર્પણતા...*
*ધન્ય છે એમની ઋણાનુબંધની અનુભૂતિને...!*

**રાજુલબેનની પુત્રવધૂ જીજ્ઞા મુલુંડ લુક એન લર્નમાં અને દીકરી રચના મસ્જિદબંદરમાં સેવા આપી માતાની ભક્તિને શ્રધ્ધાંજલિ આપે છે.**




# સંયમ શુભેચ્છા વંદન

પરમ ઉપકારી પરમ વંદનીય પૂજ્ય ગુરુદેવ,

દિશાહીનને દિશા બતાવનાર...

હું બંધનમાં છું તેનું ભાન કરાવનાર, મુક્તિનો આનંદ કેવો હોય તેની અનુભૂતિ રસપ્રદ વ્યાખ્યાન ધ્વારા કરાવીને પરમાનંદ પ્રતિ કઈ રીતે જીવન વાળવું તે સમજાવનાર, મારા પૂજ્ય ગુરુદેવ ! આપે મારા પર અનંત અનંત ઉપકાર કર્યો છે. આપશ્રીના ચરણમાં અને આપના સાંનિધ્યમાં જ સાક્ષાત આત્મમુક્તિ છે તે આજ સુધી ક્યારેય સમજાયું જ ન હતું પણ હવે સમજાય રહ્યું છે કે આપ જ સાક્ષાત મોહના ક્ષય સ્વરૂપ છો તેથી બસ હવે આપનો સાથ ક્યારેય નહીં છોડું. આપની દીક્ષા જંયતિ અવસરે આપને કોટિ કોટિ વંદન...

**- રાજેશ ગોસલીયા અને પરિવાર**



UNIVERSAL
Earthing Systems

## One & Only PATENTED Safe Earthing Electrode

**UES Brand Earthing Electrodes & Mineral Filling Compund are tested & accepted by :**

Various Industries & Govt. Departments

Providers of Advanced
Earthing Systems
for every Earthing requirements

Safety & Protection From Electrical Hazards

Longer Life
Easy to Install
Maintenance Free

**Space Saving**
**Consistent Performance**
**Single Product Solution**

AN ISO 9001 - 2008
CERTIFIED COMPANY

Copper Bonded Steel Rods
UES brand are now...
UL LISTED

UES Brand

*It's Never Late Consider Safety First...*

**Universal Earthing Systems Pvt. Ltd.**

Manufacturers of Maintenance Free Safe Earthing Electrodes & Chemical Mineral Filling Compound

I - 12, V.C.I. Estate, Errukancherry High Road, Sharma Nagar, Vyasarpadi, Chennai - 600039.
e-mail: ueschennai@yahoo.com,ueschennai@gmail.com. Phone: 91-44-25513481,42817271.

Visit us at :
www.ues.in







# ભગવાન મહાવીરના આગમમાં છે તે ક્યાંય નથી જે ક્યાંય નથી તે આગમમાં છે...

બહુ જાણીતા લેખકોને મળવાનું થયું અને પ્રશ્ન કર્યો કે લેખન-માહિતી માટે તમારો મુખ્ય આધાર-સ્તોત્ર કયો ? એક લેખકે કહ્યું કે મારી પાસે જુદા-જુદા ચિંતકો, વિદ્વાનો-નિષ્ણાંત લેખકોના ૨૫૦૦૦ પુસ્તકો છે, તો બીજાએ કહ્યું કે મારી પાસે મોટા કોથળા અને કબાટ ભરાય તેટલા પુસ્તકો છે. મારી સાથેના પત્રકાર મિત્રે મને પૂછયું, તમારી પાસે શું છે ? મેં પ્રત્યુત્તર આપ્યો કે મારી પાસે ફક્ત ૩૨ (બત્રીસ) આગમ છે જે મને ૩૨૦૦૦ કરતાં પણ વધારે પુસ્તકોની ગરજ સારે છે. કહેવાય છે કે જે આગમમાં છે તે કયાંય નથી અને બીજે કયાંય નથી તે આગમમાં છે. રાગ-દ્વેષની ગ્રંથિઓને દૂર કરે તેને ગ્રંથ કહેવાય.

લોક સાહિત્યમાં લોક હોય છે જ્યારે આગમ સાહિત્યમાં શ્લોક (ગાથા) હોય છે. જેઓ પુસ્તક સાહિત્ય પ્રેમી હોય તે નરકને પણ સ્વર્ગ બનાવી શકે છે. એટલા માટે જ લોકમાન્ય ટિળકે કહ્યું હતું કે કદાચ મારે નરકમાં જવાનું થાય તો હું થોડા પુસ્તકો સાથે લઇ જવાની ઇચ્છા પ્રગટ કરીશ કારણકે થોડા સુંદર પુસ્તકોનો સાથ હોય તો નરકને પણ સ્વર્ગ બનાવી શકાય.

એકવાર સરદાર પુરણસિંઘે સ્વામી રામતીર્થને પૂછયું હતું કે આપને દેવાલય અને ભોજનાલયમાંથી વધારે શું ગમે ? સ્વામી રામતીર્થે કહ્યું કે એ બન્ને વચ્ચે રહેલું પુસ્તકાલય સૌથી વધુ ગમે છે, કારણકે પુસ્તકાલય હશે તો દેવાલયમાં કરેલી ભક્તિ પાકશે અને ભોજન પણ પચશે. મુંબઇ યુનિવર્સિટી લાઇબ્રેરી બહાર બોર્ડ મારેલું છે કે પુસ્તકો તમારા બધાં માટે છે અને બધું જ પુસ્તકોને આભારી છે.

**રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** ખૂબ સરસ વાત કરે છે કે વર્તમાનમાં જૈન સમાજમાં જે કોઇ ધર્મ ધૂરંધરો, શ્રુતધરો, ગીતાર્થ ગુરુદેવો, પંડિતો વગેરે જે કહો તે... આ બધાં મહાન બન્યા કેવી રીતે ? બધું જ આગમને આભારી છે.

અરે ! અન્ય ધર્મના ધર્મગુરુઓ પણ આગમના દ્રષ્ટાંતો આપે છે. સંયતિ રાજા, અનાથી મુનિ, અર્જૂનમાળી વગેરે કથાનકોને એવા મઢાવે કે ભાવિકો ભાવવિભોર બની જાય છે... આગમ સાહિત્યને પુસ્તકમાંથી લોકજીભે અને લોકહૈયા સુધી લઇ જવાનું કાર્ય આપણે કરવાનું છે. સારા વિચારો, સારા લેખો, સારા પુસ્તકો, સારા પ્રવચનકારો આ બધું જ આપનાર તો આગમ જ છે.

પુસ્તકોને ''જ્ઞાન મંદિર'' કહેવાય છે. પુસ્તકોમાંથી જ જીવનને ઊંડેથી ઝાંખીને જોવાની તક મળે છે. ફ્રાંસિસ સ્યૂફોઇડ નામનાં લેખક કહે છે પુસ્તકો તમને બધું જ આપે છે. સદ્વાંચન તમને આખી જીંદગી બગીચાની જેવી ખૂશ્બુ આપે છે. આગમ વાંચન કરવું તે પણ એક પ્રકારનું આભ્યંતર તપ રહેલું છે. આગમ માત્ર જૈનોના ગ્રંથ નહીં પણ જીવનનો ગ્રંથ છે.

કોઇ લેખક કે સાહિત્યકાર પુસ્તકનું પ્રકાશન કરે એટલે બુકમાં બોક્ષ બનાવી લખે કે કોપી રાઇટસના તમામ હકો પોતાની પાસે છે. લેખકની પૂર્ણ મંજૂરી વગર કોઇ આ બુકની કોપી કે પ્રકાશન કરે નહીં અન્યથા કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે ! જ્યારે કરુણા સાગર તીર્થંકર પરમાત્મા કે ઉપકારી ગણધર ભગવંતોએ આગમ પ્રકાશનના માલિકી-કોપીરાઇટસ પોતાની પાસે રાખ્યા નહી. આગમકાર ભગવંતોએ કહ્યું કે આખો સમાજ આગમનો માલિક ગણાય છે. હા, શરત કે મૂળપાઠમાં કોઇ ભેળસેળ કે ઘાલમેલ કરશો નહીં. આગમ તો આ લોકની જ્ઞાનગ્રંથ સૃષ્ટિની મહાવિષ્મયકારક અભૂતપૂર્વ ઘટના છે. આગમનો પ્રત્યેક શબ્દ, દરેક વિચાર આપણા માટે એક ભંડાર સર્જી રહે છે. આધુનિક માણસના મનનાં તમામ રોગોનો શ્રેષ્ઠ ઇલાજ એટલે આગમ. આવશ્યક સૂત્ર એટલે ઘરગથ્થું ઓસડીયું, સૌ કોઇ માટે સુલભ, તન-મનના રોગોમાં સાઇડ ઇફેક્ટ- આડ અસર ન કરે તેવું અક્સીર ઔષધ એટલે આગમ.

આગમ એ જ અરિહંત :

આગમ શ્રધ્ધાનો વિષય છે માનવ, એમાં તું શંકા ન કર, શ્રધ્ધા હોય તો અક્ષર પણ અરિહંત બની જાય છે.

**મનોજ ડેલીવાલા- રાજકોટ**



## ગોંડલ સંપ્રદાયના પૂ. પુષ્પાબાઈ મ. કાળધર્મ પામ્યા.

Shasan NEWS
Know the News you want to know

ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી મુક્ત લીલમ ગુરુણીના સુશિષ્યા પૂ. શ્રી પુષ્પાબાઈ મ. તા. ૦૮/૧/૨૦૧૩ મંગળવાર ના રોજ સમાધિભાવે નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે બપોરના ૨:૦૭ મિનીટે શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ ઓમાનવાળા ઉપાશ્રયે કાળધર્મ પામ્યા હતાં.

વેરાવળ મુકામે તા. ૨૧/૦૨/૧૯૫૮ ના ગુરુવારના રોજ તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ હતી.

પૂ. શ્રી પુષ્પાબાઈ મ.ની ઉંમર ૭૫ વર્ષની હતી. સંયમ પર્યાય ૫૪ વર્ષનો હતો. છેલ્લા ઘણા સમયથી એમને કિડનીની અસાધ્ય બીમારી હતી. વેદના વચ્ચે તેમના સમાધિ ભાવ પ્રસંશનીય અને અનુમોદનીય હતો.

સાવરકુંડલાના મહેતા પરિવાર, ધર્મે રંગે રંગાયેલા પરિવારમાં તેમનો ઉછેર થયો હતો. તેઓ આગમ પ્રેમી, સરલ હૃદયા અને સ્વાધ્યાય જીવનો પ્રાણ હતો.

# અનુભૂતિ... એક સ્મૃતિ



## તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. સાથેના અનુભવો

**- સંપ્રદાય વરિષ્ઠા શ્રી ગુલાબબાઇ મ.**

### ઉપકારી ગુરુદેવ

શ્રધ્ધા નિર્મલ, સંયમ ઉજ્જવલ, દિલ કોમલ, દિમાગ શીતલ, હૃદય સુકોમળ, પ્રમાદ નહીં પલ, ગુરુદેવને વંદના હમારી પલ પલ.

વૃક્ષની ડાળી, ફળ, ફૂલ, પાન આદિ સંપત્તિનું સાચું કારણ જાણવા તેના મૂળને શોધી કાઢવા સુધી નજરને દોડાવવી પડે. તેમ આજે આ લખાણ કરતાં પહેલાં મારે પણ મારા કાળનો દૃષ્ટિ ગોચર કરવો પડે તેમ છે.

ભૂતકાળ તરફ દૃષ્ટિ કરતાં પૂજ્ય તપસ્વી શ્રી રતિલાલજી મહારાજ સાહેબનો ઉપકાર અને તેમની લાક્ષણિકતા નજરે ચડે છે કે પાઠશાળા કેવી ચલાવે. પાઠશાળામાં આવતા બાળકો સારી રીતે ભણીગણીને તૈયાર થાય અને જિનશાસનનો ઉધ્ધાર કરે. તત્વજ્ઞાનને પામી સ્વ-પરનું કલ્યાણ કરે ને જિનશાસનને દીપાવે તેવું ઈચ્છતા હતા.

હું પાઠશાળામાં ભણતી હતી. ગુરુદેવનું ચાતુર્માસ હતું. ભણવાનું જ કહે. જ્ઞાન દેવાની ભાવના ખૂબજ... યુવાવર્ગ અને બાળવર્ગ ઉપાશ્રય કેમ આવતાં થાય ને જ્ઞાન પ્રાપ્તિ કરે એ જ ભાવના.

સંવત ૨૦૨૩ ના વેરાવળના છેલ્લા ચાતુર્માસમાં મને કહે, તું આજ્ઞા મેળવી લે. તને બધાંથી મોટી કરીશ. સાત બેનોની આજ્ઞા થઈ ગઈ હતી અને આમંત્રણ પત્રિકાઓ પણ તૈયાર થઈ ગઈ હતી. પરંતુ મને હજુ આજ્ઞા મળી ન હતી. પણ દીક્ષાને પંદર જ દિવસ બાકી હતા ને મને આજ્ઞા મળી ગઈ. હું ગુરુદેવ પાસે સાવરકુંડલા મુકામે ગઈ અને વાત કરી કે મને આજ્ઞા મળી છે. તો હવે મારે શું કરવું. ત્યારે ગુરુદેવે કહ્યું અત્યારે જ અહીં ફોટો પડાવીને દઈ દે. ત્યાંના સ્ટુડિયોમાં ફોટો પડાવ્યો અને આપી દીધો બીજે દિવસે બધાં બેનોની સાથે ગોંડલ સંઘની અને રાજકોટ બિરાજતાં વડિલ મહાસતીજીઓની આજ્ઞા લેવા જવા માટે કહ્યું. રાજકોટ પહોંચ્યા ત્યાં તો મારા નામની આમંત્રણ પત્રિકા પેલી પત્રિકા સાથે જોડાઈને આવી ગઈ અને સમય થતાં ખાંભા મુકામે દીક્ષાનો અવસર પણ આવી ગયો. હું પાંચ દિવસ અગાઉ જ ગઈ હતી. છતાં દરેક પ્રસંગમાં મુર્હૂતમાં મને આગળ રાખી અને તે સાતે બેનોથી મોટી કરી.

આવા હતાં ગુરુદેવ એક વચની, બોલ્યું કયારેય ફરતાં નહીં અને ધારેલું કાર્ય સિધ્ધ કર્યે જ રહેતા.

**- શ્રી તારાબાઈ મ.**

### વચન સિધ્ધ ગુરુજી

પૂ. ગુરુજી કેવા કેવા ગુણોના ભંડાર હતા. તેમનો એક ગુણ વચન સિધ્ધિ હતો. એક જ વારના બોધથી વ્યક્તિ વૈરાગી બની જતી અને દીક્ષા લેવા તૈયાર થઈ જતી.

પૂ. ગુરુદેવ જેતપુર પધાર્યા હતા. મને દીક્ષાનું ભણવા માટેની રજા મળતી ન હતી. મેં ગુરુદેવને વાત કરી, એ વખતે અઠ્ઠમ કરાવેલા હતાં. મેં પણ અઠ્ઠમ કરેલો. પારણાના દિવસે ગુરુદેવને વિનંતી કરી અને ગુરુદેવ પધાર્યા. મને કહ્યું તું ખાંડની બાધા લે, તને ભણવાની રજા મળી જશે. મેં ખાંડની બાધા લીધી અને થોડા જ સમયમાં મને ભણવાની રજા મળી ગઈ, આવી એમના વચનમાં સિધ્ધિ હતી. હંમેશાં એમની ભાવના રહેતી, ખૂબ ભણો. ભણવા માટે પંડિતજીની સુવિધા કરી આપે. વૈરાગીનું ખૂબ ધ્યાન રાખતા.

પૂ. ગુરુદેવને ખાવામાં નહીં, પણ બીજાને ખવડાવવામાં ખૂબ રસ હતો. ગમે તે વ્યક્તિ દર્શન કરવા આવે પહેલાં તેની જમવાની વ્યથસ્થા કરાવે. ૯૨ ની સાલ અને ૯૨ સંતસતીજીનું સમુહ ચાતુર્માસ અદ્ભૂત હતું. જાણે જ્ઞાનની શાળા ખૂલી હતી. એક પછી એક કલાસ ચાલે અને જાણે જ્ઞાનની ધારા વહે. વિહારમાં તો એટલા ઝડપી કે એમની સાથે કોઈ ચાલી શકે નહીં. જાણે પવન પાવડી ૪૫ કિ.મી. નો વિહાર કરે પણ થાકનું નામ નહીં.

**- શ્રી કુંદનબાઈ મ.**

### એક વિશેષજ્ઞ મહાપુરુષ.

પૂ. ગુરુદેવ એક વિશેષજ્ઞ મહાપુરુષ હતા. પરોપકારી પણ હતા. તેઓના ઉપકારનું ઋણ ચુકવી શકાય નહીં. ઠાણાંગ સૂત્રમાં ત્રીજા સ્થાન માં ત્રણ પ્રકારના

ઉપકારી બતાવ્યા છે. (૧) માતા-પિતા (૨) શેઠ (૩) ગુરુ. આ ત્રણના ઉપકારમાંથી કદી ઋણ મુકત થઈ શકાય નહીં. આ ગુરુદેવનો મારા પર ખૂબજ ઉપકાર છે. સંયમ ભાવમાં અભિવૃધ્ધિ કરાવનાર ગુરુદેવ હતા. એકવાર આયંબિલની ઓળીમાં ગુરુદેવ પધાર્યા હતા મને કહે આખી ઓળી કરજે, કાંઈ નહીં થાય. મેં કરી હતી. ખૂબ શાતા પૂર્વક ઓળી પૂર્ણ થઈ હતી. અશાતા જરાપણ થઈ નહોતી.

ત્યાર બાદ ગુરુ આજ્ઞાથી અઠ્ઠાઈ કરી એ પણ ખૂબ શાતા પૂર્વક નિર્વિઘ્ને પૂર્ણ થઈ. આમ ગુરુદેવની આજ્ઞાથી કદી કાંઈ ન કરી શકે તેવા માનવી પણ તપ કરતાં થઈ જાય.

ત્યાર બાદ સંયમની આજ્ઞા મળતાં સંયમ લેવા તત્પર થઈ ત્યારે વેરાવળ મુકામે સંવત ૨૦૧૪માં જનકભાઈ તથા અમે પાંચ બેનો જેમાં કંચનબેન, પુષ્પાબેન, હું, તરૂબેન અને જશુબેન આમ અમારા છની દિક્ષા એક સાથે થઈ હતી. ગુરુદેવના પુણ્ય પ્રતાપે અમારી દીક્ષા ખૂબજ ભવ્ય રીતે ઉજવાઈ હતી.

**- પૂ. વિજયાબાઈ મ.**

## જ્ઞાન સાધનાના સમર્થ સાધક

પ્રાચીન યુગમાં સમુદ્રમંથન થયું હતું. એ વખતે અગણિત દેવો એમાં સામેલ હતા. પૂ. તપસ્વી ગુરુએ તો એકલે હાથે જીવન-મંથન કર્યું છે. એમના સાત્ત્વિક જીવનમાંથી અનેક અમૃતકુંભ ઉત્પન્ન થયા છે. એ અમૃતકુંભ એટલે તપ અનુષ્ઠાનો, પ્રવર્જ્યા પ્રદાન, ઉપાશ્રય, ગૌશાળા, લાયબ્રેરી, શ્રમણી વિદ્યાપીઠ વગેરે નામથી ઓળખીએ છીએ. એમની પાસે જીવનમંથનની આગવી છટા અને નિષ્ઠા હતી. એ કારણે એ મંથનમાંથી અમૃત જ પ્રગટયું.

એમનામાં એક એવું વ્યક્તિત્વ હતું જેનાથી તપ, ત્યાગ અને સાધના વડે સમગ્ર જીવનને એક ઉચ્ચત્તમ સાધક દશા સુધી પહોંચાડયું હતું. એ જ શ્રેષ્ઠતાએ એમના જીવનમાં મહાનતાનું સર્જન કર્યું હતું.

દરેક મહાપુરુષોના જીવનમાં સેંકડો ઘટનાઓ ઘટે છે. એવી રીતે આપણા ગુરુદેવ સહજ રીતે કશુંક બોલ્યા હોય અને એ પ્રમાણે ઘટના ઘટી હોય. કોઈને અશકય લાગતું કાર્ય સોંપે અને તરતજ તે કાર્ય પાર પડી જાય. આવી ઘટનાથી શ્રધ્ધાળુ વ્યક્તિ ચમત્કાર અનુભવે છે.

ગુરુદેવમાં સેવાનો મહાન ગુણ હતો. વડિલ સંતોની અનુકૂળતાનો આપ પૂરેપૂરો ખ્યાલ રાખતા. પૂ. પ્રેમચંદજી મ.સા., પૂ. ગોવિંદજી મ.સા., પૂ. વિરજી મ.સા., પૂ. દેવચંદ્રજી મ.સા. તથા આપના પૂ. ગુરુદેવ સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણ ગુરુદેવ વગેરે નવ નવ સંતોની સેવા અગ્લાન ભાવે આપે કરી અને શિષ્યાઓને પણ સેવાના પાઠ શીખવ્યા. વડિલોની સેવા સાથે શાસનની પણ સેવા કરી હતી. દીક્ષાની વાત હોય કે તપસ્યાની, અનુષ્ઠાનની વાત હોય કે આરાધનાની, સંઘની વાત હોય કે સંપ્રદાયની પણ પોતાના હાથે કાંઈક સારૂં પરિણામ આવે એવા આશયથી આપ સૌને સાથે રાખીને સત્યને આગળ કરતા.

એમની બીજી વિશેષતા એ હતી કે પોતાનાથી નાના હોય તેઓને હંમેશાં પ્રોત્સાહિત કરતા. પોતાના જ શિષ્યોને અને બીજા કોઈ સંપ્રદાયના સાધુ હોય કે સાધ્વી, તેઓને પણ શુભ પ્રેરણા આપતા હતા. પોતે જે શહેરમાં જાય કે ગામડામાં, ત્યાં જો કોઈ વડિલ મહાસતીજીઓ બિરાજતા હોય તો થાકેલા એવા તપસ્વી મહારાજ દર્શન કરવા અચૂક જાય. ગુરુણી ઉજમબાઈ મહાસતીજી બીમાર હતા. ત્યારે વડિયાથી સાવરકુંડલા ઉગ્ર વિહાર કરી, દર્શન આપવા પધાર્યા હતા. આવી શાતા ઉપજાવવાની ઉમદા ભાવના અને શક્તિ હતી.

પૂ. ગુરુદેવે મને (પૂ. ગુલાબબાઈ મ.) તથા પૂ. લલિતાબાઈ મ. ઠાણા ૧૦ ને મુંબઈ તરફ વિહાર કરવાની આજ્ઞા કરી હતી. ગુજરાતી મહાસતીજીઓમાં અમે પ્રથમ જ મુંબઈ તરફ વિહાર કર્યો હતો. રસ્તો ત્યારે ઘણો કઠિન હતો. પણ ગુરુકૃપાથી કાંઈ જ વાંધો આવ્યો નહીં.

પૂ. ગુરુદેવ પોતે તપ કરતાં અને બીજાને તપ કરવાની પ્રેરણા આપતા. કોઈ દિવસ જેણે કાંઈ જ તપ ન કર્યું હોય તેવી વ્યક્તિ માસખમણ, વરસીતપ કરવા તૈયાર થઈ જતી. ઘાટકોપરમાં એક સાથે કેટલાંય વરસીતપ થયેલા. મુંબઈ બે ચાતુર્માસ થયા. ત્યાં ગુરુની આજ્ઞા થઈ અને પાછા દેશમાં આવ્યા. સંવત ૨૦૧૮નું ગોંડલમાં સમૂહ ચાતુર્માસ થયું પૂ. મુકતાબાઈ મહાસતીજીએ માસખમણ ર્ક્યું અને બીજી ઘણી તપશ્ચર્યાઓ અઠ્ઠાઈ નવાઈ વગેરે થયેલી. બધાં તપસ્વીઓને ચાંદીના શ્રીફળ આપ્યા હતા.

એકવાર એક ગામમાં પૂ. ગુરુદેવ પધારેલા અને પ્રવચન ચાલતું હતું. ત્યારે એક છોકરો વૃક્ષ ઉપરથી નીચે પડયો અને બેભાન બની ગયો. તે છોકરાને તેના પિતા પૂ. મહારાજશ્રી પાસે લઈને આવ્યા. ગુરુદેવ તેને માંગલિક ફરમાવ્યું અને હાથ ફેરવ્યો. છોકરાને સારૂં થઈ ગયું.

ત્યાર બાદ અમે કલકત્તા તરફ વિહાર કર્યો. અમારૂં ચાતુર્માસ બડાબજારમાં હતું. પરંતુ પૂ. ગુરુદેવ પણ કલકત્તા પધાર્યા તેથી અમે બાઉબજારમાં ફ્લેટમાં ચાતુર્માસ ર્ક્યું અને પૂ. ગુરુદેવે બડાબજારમાં ચાતુર્માસ ર્ક્યું. એકવાર અમે ગુરુદેવના દર્શન કરવા ઉપાશ્રયે આવેલા ત્યારે એક બેન પોતાના પુત્રને લઈ દર્શન કરવા આવેલા. બેને ગુરુદેવને વાત કરી કે મારા દીકરાને બરાબર રહેતું નથી. ગુરુદેવના હાથમાં માળા હતી. તેમના અજપાજાપ તો ચાલુ જ હોય, ગુરુદેવની દૃષ્ટિ પેલા ભાઈ પર પડી અને પેલો આળોટવા માંડયો અને બોલવા લાગ્યો મહારાજ સાહેબ તમે આમાં પડો નહીં, તમારૂ કામ પ્રવચન આપવાનું છે. ત્યારે ગુરુદેવ બોલ્યા મારા તો શાંતિના જાપ ચાલુ જ હોય હું કાંઈ કરતો નથી. ત્યાં થોડીવારમાં પેલો બોલવા લાગ્યો હું જાઉં છું. હું જાઉં છું અને એના શરીરમાં રહેલો વ્યંતર ચાલ્યો ગયો. પેલો ભાઈ સ્વસ્થ થઈ ગયો. આ અમે નજરે નિહાળેલ વાત છે. આવા તો કેટલાય પ્રસંગો પૂ. ગુરુદેવના જીવનમાં આવ્યા હોય ને પાર પાડયા હોય. આવા હતા જ્ઞાનસાધક, સાધનાસાધક અને શક્તિના સમર્થસાધક તેમને કોટિ કોટિ વંદન.

**સૌરાષ્ટ્ર કેશરી ગુરુપ્રાણ તથા સિધ્ધાંત વારિધી પૂ. ઉજમબાઈ મ. ના સુશિષ્યા સંપ્રદાય વરિષ્ઠા બા.બ્ર. પૂ. ગુલાબબાઈ મ.**



# કોલકત્તા અર્હમ યુવા ગ્રુપનું સ્તુત્ય કાર્ય

અર્હમ યુવા ગ્રુપ અને પારસધામ કોલકત્તાના ઉપક્રમે કોલકત્તાની બંસલ કોર્ટના પરિસરમાં 27 મી પ્યાઉનું નિર્માણ થતાં ગામડામાંથી આવતાં હજારો ગરીબ ભાવિકો માટે આર્શીવાદ રૂપ બનેલ છે. શ્રી હર્ષદભાઇ અજમેરા અને સર્વ યુવાનોના અગાધ પુરુષાર્થ અને દાતાઓના સહયોગથી કોલકત્તા મહાનગરની અનેક સ્ટ્રીટમાં પ્યાઉનું નિર્માણ થતાં રોજના 20,000 થી વધુ ગ્લાસ પાણી પીવામાં વપરાય છે. દરેક સ્થાનમાં લોકલ કાઉન્સીલર્સનો સહયોગ મળતાં લાખો અજૈન લોકોએ જૈન સમુદાયના આ સત્કાર્યની પ્રશંસા કરેલ છે. જ્યારે અનેક અજૈન લોકો પૂ. ગુરુદેવના દર્શનની ભાવનાથી ધન્ય બનેલ છે.



પ્રેરણાદાતા યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રીના સાનિધ્યમાં કોલકત્તામાં બંસલ કોર્ટમાં, ડેલહાઉસી સ્કેવર અને આર. એમ. મુખર્જી રોડના ક્રોસીંગ તથા નવનિર્મિત પારસધામની બહાર બકુલબગાન રો માં પ્યાઉનું નિર્માણ થતાં અત્યારે કુલ 29 પ્યાઉ થયાં છે... બીજા ટૂંક સમયમાં શરૂ થનાર છે.

ARHAM YUVA GROUP

PARASDHAM

# New Releases...

## PRERNAPUSHPA

*Prernapushpa* - Upliftment of the soul along with upliftment of the entire Society.

Inspired by Rashtra Sant Yug Diwakar Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb, Prernapushpa is a which appreciates with it examples of great personalities who have emerged from a drop to become an ocean and are the ones who have imbibed in them the spiritual values in their daily lives thus making their lives a living inspiration - A Masterpiece




*Prernapushpa* is a must read to get inspired and chart your road to success.

Giving the today's generation an infusion of solid values and every facet of element for life, *Prernapushpa* nourishes the soul to external and eternal prosperity.



: Available at :

**PARASDHAM**

**Ghatkopar : 022 - 32043232 • Kandivali: 022 - 32092277**

**Kolkata : 098313-06271 • Rajkot : 0281 - 2577630**

**Also available at Arham Yuva Group and Look N Learn Centres**

## તપસમ્રાટ પૂ. ગુરુદેવની સાધના ભૂમિ

# વડિયા ગામમાં સત્કાર્યની સુગંધ પ્રસરી









રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની પાવન પ્રેરણાથી, રાજકોટ અને ગોંડલના અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, શ્રી ઉવસગ્ગહર સાધના ભવન દ્વારા વડીયા ગામમાં અન્નદાન, જ્ઞાનદાન, જીવદયા અને સાધર્મિક ભક્તિના સત્કાર્યો થતાં વડીયા ગામમાં મહોત્સવ જેવો માહોલ સર્જાયો હતો.

સર્વ પ્રથમ રાજકોટ અને ગોંડલથી વડીયામાં સેવા ભકિત અર્પણ કરવા આવેલાં ૫૦૦ ગુરુ ભક્તો (બાળકો, યંગસ્ટર્સ અને દીદીઓ) એ ૪૫ મિનિટ સુધી તપસ્‌સ્રાટ પૂ.ગુરુદેવશ્રીના સ્થાનકમાં નમસ્કાર મહામંત્ર, શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર અને તપસ્વી ગુરુ શરણં મમઃ ના જાપ ક્યાં હતાં અને શ્રી સેજલદીદી એ તપસમ્રાટ પૂ.ગુરુદેવ વિશે સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની પ્રિય શ્રી પ્રાણગુરુ સ્થાનકવાસી જૈન ગુરુકુલ ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા તેમજ ગામની અન્ય બે ગૌશાળાની સર્વ ગાયોને લાપસી, લાડવાના ભોજન સાથે કપાસીયાનો ખોળ અને ઘાસચારો આપવામાં આવેલા. વડીયા ગામની સાતે સાત સ્કૂલ તથા મફતીયા પરામાં રહેતાં ૮૦૦ થી વધુ બાળકોને મિષ્ટ ભોજન સાથે જ્ઞાન ઉપયોગી ગીફ્ટ આપવામાં આવી હતી.

આ ઉપરાંત વડીયા ગામના દરેક જૈન પરિવાર, ગૌશાળાના કર્મચારીઓ, મામલતદાર, તલાટી, મંત્રી, સ્કૂલના આચાર્યો, શિક્ષકો, બેંકના મેનેજર, ગૌશાળામાં સહાયક થતા સર્વ ભાવિકો, ગૌશાળા ટ્રસ્ટી મંડળ (મુંબઇ, જૂનાગઢ અને સ્થાનિક) તથા રાજકોટ, જૂનાગઢ, જેતપુર આદિ ગામોથી પધારેલાં મહેમાનો એમ ૧૫૦૦ થી વધુ ભાવિકોએ સાધર્મિક ભક્તિનો લાભ લીધો હતો.

પારસધામ ઘાટકોપર, રાજકોટ-ગોંડલ ના અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન, ભક્તિ ગ્રુપ તેમજ ગુરુભક્તો દ્વારા ગુરુપ્રાણ ગૌશાળાને ૧,૫૭,૭૫૦/- નું અનુદાન અર્પણ કરવામાં આવેલ.

સેવા અને સત્કાર્યના આ અવસરે ગુરુપ્રાણ ગૌશાળાના ટ્રષ્ટીઓ શ્રી વિનુભાઇ રૈયાણી (મુંબઇ), શ્રી પ્રવીણભાઇ દોશી (મુંબઇ), શ્રી મનસુખભાઇ દામાણી (રાજકોટ), શ્રી સુરેશભાઇ કામદાર (જૂનાગઢ) તથા શ્રી ઉવસગ્ગહર સાધના ભવનના શ્રી નરેન્દ્રભાઇ દોશી, શ્રી ભાવેશભાઇ શેઠ, શ્રી દિનેશભાઇ મહેતા, શ્રી વિરેનભાઇ શેઠ, શ્રી સંજયભાઇ શેઠ, શ્રી કાશ્મીરાબેન શેઠ અને શ્રી નીરૂબેન મહેતા વિશેષ ભકિતભાવે ઉપસ્થિત રહી અર્હમ યુવા ગ્રુપના સત્કાર્યોને પ્રોત્સાહિત કર્યા હતાં. સંપૂર્ણ આયોજનને સફળ બનાવવા શ્રી તુષારભાઇ મહેતાની અર્હમ ટીમ અને લુક એન લર્ન જૈન જ્ઞાનધામના શ્રી નવનીતભાઇ અને શ્રી તરૂબેન આદિ એ જહેમત ઉઠાવી.

ટ્રસ્ટી શ્રી સુરેશભાઇ કામદારે રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવની પ્રેરણા અને ગુરુભક્તોની શિસ્ત, વિનય, સ્વચ્છતા, સંસ્કાર અને ભક્તિની અહોભાવ સાથે પ્રશંસા કરી આભાર માન્યો હતો. આવી ઉમદા નવી પેઢી તૈયાર કરવા બદલ પૂ. ગુરુદેવની દીર્ઘદ્રષ્ટિ અને કાર્ય ક્ષમતાને ભાવથી વંદન ક્યાં હતાં.

Registred with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2012-14/44173
Postal Registration No. MH/MR/NE/141/2012-14 Published on 5th of every month
PRANPUSHPA - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-02-2013

